સુવિચાર

ઘરનાં સભ્યોનો સ્નેહ ડોક્ટરની દવા કરતાંય વધુ લાભદાયી હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ગુલાબનગરમાં દુકાન સામેથી બાઇક હટાવવા પ્રશ્ને દુકાનદાર પર ખુની હુમલો P-4

Year-16, Issue-269 ■ DATE : 27-02-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શરાબ ગોટાળા કેસમાં કેજરીવાલ અને સિસોદિયા નિર્દોષ જાહેર



## દિલ્હીની બહુચર્ચિત દારૂ નીતિ સાથે જોડાયેલા મામલે રાઉઝ એવન્યુ કોર્ટે મોટો ચુકાદો આપ્યો : ચુકાદો સાંભળી રડી પડ્યા દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી : માત્ર આરોપોના આધારે કેસ ચલાવી શકાય નહીં: કોર્ટનું તારણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીની બહુચર્ચિત દારૂ નીતિ સાથે જોડાયેલા મામલે રાઉઝ એવન્યુ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને આરોપોમાંથી મુક્ત કર્યા છે. કોર્ટ તરફથી બંનેને મોટી રાહત અને 'ક્લિનચીટ' મળી છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું કે, માત્ર દાવાઓ કરવાથી કામ નહીં ચાલે. કોર્ટ કોઈ પણ આરોપ પર ત્યારે જ ભરોસો કરી શકે જ્યારે તેની સાથે નક્કર અને પૂરતા પુરાવા હોય. કોર્ટે અવલોકન કર્યું કે તપાસ એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા નબળા અને અપૂરતા છે.

કોર્ટે સૌથી પહેલા આબકારી વિભાગના પૂર્વ કમિશનર કુલદીપ સિંહને નિર્દોષ જાહેર કર્યા હતા. ત્યારબાદ મનીષ સિસોદિયાને રાહત આપવામાં આવી અને છેલ્લે અરવિંદ કેજરીવાલને પણ નિર્દોષ જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

કોર્ટે કહ્યું કે, દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં અનેક ખામીઓ હતી અને એવા ઘણા મુદ્દાઓ છે જેના પર તપાસ એજન્સી સંતોષકારક જવાબ આપી શકી નથી. કોર્ટે નોંધ્યું કે, જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી છે. માત્ર આરોપોના આધારે કેસ ચલાવી શકાય નહીં.

કોર્ટે ક્લીનચીટ આપ્યા બાદ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'અમે હંમેશા કહેતા હતા કે સત્યની જીત થશે અને અમને ન્યાયતંત્ર પર ભરોસો હતો. હું હંમેશા કહેતો હતો કે ભગવાન અમારી સાથે છે. મોદી અને ગૃહ મંત્રી અમિત શાહે મળીને આમ આદમી પાર્ટીને ખતમ કરવા માટે કાવતરું રચ્યું. ૫ મોટા નેતાઓ પર ખોટા આરોપો લગાવાયા. અમારા ડેપ્યુટી સીએમને બે વર્ષ સુધી જેલમાં રાખ્યા.'

જો કે, સીબીઆઈએ જણાવ્યું છે કે, તેઓ આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે. સીબીઆઈના વકીલોએ સંકેત આપ્યો છે કે ચુકાદાનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ ઉપલી અદાલતમાં અપીલ દાખલ કરાશે.

ઉલ્લેખનીય છે કે, આ મામલો ૨૦૨૨-૨૩ની દિલ્હી એક્સાઈઝ પોલિસી (દારૂ નીતિ) સાથે જોડાયેલો છે. આ મામલે સીબીઆઈએ કેસ નોંધ્યો હતો અને બાદમાં ઈડી એ મની લોન્ડરિંગના આરોપમાં તપાસ શરૂ કરી હતી. આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ આ કેસમાં જેલમાં ગયા હતા અને ઘણી વખત તેમની જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. શુક્રવારે રાઉઝ એવન્યુ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, પ્રથમ દ્રષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધારે કેજરીવાલ અને સિસોદિયા વિરુદ્ધ કેસ બનતો નથી. આ ચુકાદો આમ આદમી પાર્ટી માટે અત્યાર સુધીની સૌથી મોટી રાહત માનવામાં આવી રહી છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૦.૫૭/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૨૫/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |





| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૧,૭૨૦ | ₹૨,૮૪,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૯૫ | ₹૧૨૨.૭૩ |

# મિત્રો કે સંબંધીને લોનમાં મદદ કરતા પહેલા ચેતજો: લોન ગેરંટર અંગે સુપ્રીમે આપ્યો મહત્વનો ચુકાદો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સામાન્ય રીતે આપણે મિત્રો કે સંબંધીઓની મદદ કરવા માટે લોનમાં ગેરંટર બની જતા હોઈએ છીએ, પરંતુ સુપ્રીમ કોર્ટનો તાજેતરનો એક ચુકાદો ગેરંટર બનનારા લોકો માટે લાલબત્તી સમાન છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે સ્પષ્ટ કર્યું છે કે, 'ઇનસોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ'() હેઠળ જો કોઈ લોન ડિફોલ્ટ થાય, તો બેન્ક મુખ્ય લેણદાર(ઉધાર લેનાર) અને કોર્પોરેટ ગેરંટર બંને સામે એકસાથે વસૂલાતની પ્રક્રિયા() શરૂ કરી શકે છે. કોર્ટે જણાવ્યું કે ભારતીય કરાર અધિનિયમની કલમ ૧૨૮ મુજબ, લોન ચૂકવવાની જવાબદારી જેટલી ઉધાર લેનારની છે, તેટલી જ જવાબદારી ગેરંટરની પણ છે.



અગાઉના નિયમ મુજબ, જો એક જ લોન માટે બે ગેરંટર હોય, તો બેન્ક એક સમયે માત્ર એક જ વ્યક્તિ સામે કાયદાકીય કાર્યવાહી કરી શકતી હતી. આ કારણે બેન્કોને નાણાં વસૂલવામાં વર્ષો વીતી જતા હતા. જોકે, જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે જૂના ચુકાદાઓને રદ કરતા જણાવ્યું છે કે, હવે બેન્કો પોતાની બાકી રકમ વસૂલવા માટે લેણદાર અને તમામ ગેરંટરો સામે એક જ દિવસે કેસ દાખલ કરી શકે છે. આ નિર્ણયથી બેન્કો અને નાણાકીય સંસ્થાઓને મોટી રાહત મળી છે, જ્યારે લોન ગેરંટરની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ ચુકાદા બાદ હવે ગેરંટર એવું વિચારીને નિશ્ચિંત નહીં રહી શકે કે કંપનીની હરાજીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યાં સુધી તેમને કોઈ ખતરો નથી. જો કંપની વેચાયા પછી પણ બેન્કનું દેવું પૂરેપૂરું ભરપાઈ ન થાય, તો બેન્ક બાકીના પૈસા વસૂલવા માટે ગેરંટર અથવા પ્રમોટરોની અંગત મિલકતો જેવી કે ફિક્સ ડિપોઝિટ, બેન્ક બેલેન્સ, મ્યુચ્યુઅલ ફંડ કે પ્રોપર્ટી પણ જપ્ત કરી શકે છે. આમ, હવે કોઈની લોનમાં ગેરંટર બનતા પહેલા તેની આર્થિક ગંભીરતા સમજવી અત્યંત મહત્ત્વની બની ગઈ છે.

# ધો.૮ના પાઠ્યપુસ્તકમાં ન્યાય તંત્રના ભ્રષ્ટાચાર પ્રકરણથી વડાપ્રધાન મોદી નારાજ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એનસીઈઆરટીના ધો.૮ના સોશ્યલ સાયન્સના પાઠયપુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના પ્રકરણથી સર્જાયેલા વિવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગુસ્સો દર્શાવીને આ પ્રકારની ભુલ સ્વીકારી નથી તેવું જણાવી કોઈને તો જવાબદાર ગણાશે જ તેવા સંકેત આપી સરકાર પણ આકરી કાર્યવાહી કરશે તે નિશ્ચિત કરી દીધુ છે.

ઈઝરાયેલના પ્રવાસે ગયેલા મોદી ગઈકાલે રાત્રીના ભારત આવવા રવાના થયા હતા પણ તેઓએ મંગળવારે જ કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં આ અંગે આક્રોશ દર્શાવીને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને આ પ્રકારની ભુલ માટે કોણ જવાબદાર છે તે નિશ્ચિત કરવા સૂચના આપી હતી.

નવા સેવા તીર્થ ખાતેની પ્રથમ કેબીનેટ બેઠકમાં જ આ મુદો ચર્ચાયો હતો. વડાપ્રધાને ધો.૮ના પાઠયપુસ્તકમાં આ પ્રકારે ચેપ્ટરનો સમાવેશ અને પાઠયપુસ્તકનું મોનેટરીંગ કોણ કરે છે તે પ્રશ્ન ઉઠાવ્યો હતો.

આ પ્રકારના ચેપ્ટરના સમાવેશથી વડાપ્રધાન ખૂબ જ નારાજ હતા. પ્રધાને આ માહિતી આપતા જણાવ્યું કે જયારે મોદીના ધ્યાનમાં આ બાબત આવી તો તેઓએ પાઠયપુસ્તક પાછું ખેચી લેવા સૂચના આપી હતી.પ્રધાને કહ્યું કે ન્યાયતંત્રને નીચુ જોવુ પડે તેવું કંઈ સ્વીકાર્ય નથી અને જે આ ચેપ્ટર તૈયાર કરનાર હશે તેની સામે પગલા લેવાશે.

# પેટ્રોલમાં ૨૦% ઈથેનોલ બ્લૅન્ડિંગ ફરજિયાત, કેન્દ્રનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

કેન્દ્ર સરકારે ૧ એપ્રિલથી દેશભરમાં E20 પેટ્રોલનું (૨૦% એથેનોલ મિશ્રિત) વેચાણ ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયના નોટિફિકેશન અનુસાર, હવે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેલ કંપનીઓએ ૨૦% એથેનોલ ભેળવેલું પેટ્રોલ જ સપ્લાય કરવાનું રહેશે. સરકારે એથેનોલ બ્લેન્ડિંગનો લક્ષ્યાંક ૨૦૩૦ થી ઘટાડીને ૨૦૨૫-૨૬ કર્યો હતો. જેને હવે પૂર્ણ રીતે અમલ લાવવામાં આવશે. એન્જિનની સુરક્ષા માટે આ ઇંધણનો રિસર્ચ ઓક્ટેન નંબર ઓછામાં ઓછો ૯૫ નક્કી કરવામાં આવ્યો છે. RON એટલે ઇંધણની 'નોકિંગ' (એન્જિનની અંદર સમય પહેલા વિસ્ફોટ થવો) રોકવાની ક્ષમતા દર્શાવે છે. જે પેટ્રોલનો RON નંબર જેટલો વધારે હશે, તે એન્જિનના દબાણને એટલી જ સરળતાથી સહન કરશે અને એન્જિન અવાજ કે ઝટકા વગર ચાલશે. હાલમાં સાધારણ પેટ્રોલ 91 RON નું હોય છે, જ્યારે પ્રીમિયમ પેટ્રોલ 95 RON નું હોય છે. હવે બધું જ E20 પેટ્રોલ ૯૫ RONનું હશે.

# ગુજરાતના મોટાભાગના જિલ્લામાં પાસપોર્ટ-પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના મુખ્ય શહેરોમાં આજે (૨૭મી ફેબ્રુઆરી) સરકારી કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. મહેસાણા, સુરત, વલસાડ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, સુરેન્દ્રનગર, પાલનપુરની પોસ્ટ ઓફિસોને સત્તાવાર ઈ-મેઈલ દ્વારા ટાર્ગેટ કરાતા પોલીસ અને બોમ્બ સ્ક્વોડની ટીમો એક્શન મોડમાં આવી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલી પાસપોર્ટ ઓફિસને ઉડાવી દેવાની ધમકી મળતા જ સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયો હતો. ઉમરા પોલીસ અને ડોગ સ્ક્વોડની ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી સમગ્ર પરિસરમાં ખૂણેખૂણાની તપાસ કરી હતી. પાસપોર્ટ કચેરીમાં કામકાજ માટે આવેલા અરજદારોમાં ફાળફાળ વ્યાપી ગઈ હતી. જો કે, પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવી તપાસ ચાલુ રાખી છે.

સુરત, વલસાડ બાદ ભાવનગર અને અમરેલીમાં પણ સમાન પ્રકારની ધમકી મળતા ગભરાટ ફેલાયો છે. ભાવનગર હેડ પોસ્ટ ઓફિસના ડિવિઝનલ વડાને ધમકીભર્યો ઈ-મેઈલ મળતા જ સ્થાનિક પોલીસે ઓફિસની સુરક્ષા વધારી સર્ચ હાથ ધર્યું છે. અમરેલીની મુખ્ય પોસ્ટ ઓફિસને પણ મેઈલ દ્વારા ધમકી મળી હતી. સાવચેતીના ભાગરૂપે પોસ્ટ ઓફિસ ખાલી કરાવી દેવામાં આવી હતી. અહીં ફાયર ટીમ, બોમ્બ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસની ટીમો દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

# પાક.ના હવાઈ હુમલાનો અફઘાને આપ્યો જડબાતોડ જવાબ: ૧૮૦ના મોત

**મુખ્ય સમાચાર, કાબુલ**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ ફરી એકવાર ખતરનાક સ્તરે પહોંચી ગયો છે. શુક્રવારે વહેલી સવારે પાકિસ્તાને કાબુલ, કંદહાર અને પક્તિયા પ્રાંતોમાં હવાઈ હુમલા કર્યા. પાકિસ્તાને તેના લશ્કરી ઓપરેશનને ઓપરેશન ગઝબ લિલ-હક નામ આપ્યું છે અને ખુલ્લું યુદ્ધ જાહેર કર્યું છે. પાકિસ્તાનનો દાવો છે કે આ હુમલામાં ૧૩૦ થી વધુ તાલિબાન લડવૈયાઓ માર્યા ગયા છે. દરમિયાન, તાલિબાનનો દાવો છે કે આ હુમલામાં ૫૫ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે પુષ્ટિ કરી કે આ ઓપરેશન ચાલુ છે અને કહ્યું કે સશષ દળો અફઘાન તાલિબાનના આક્રમણનો કડક જવાબ આપી રહ્યા છે.



પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે લાંબા સમયથી ચાલતો સરહદ વિવાદ પૂર્ણ-સ્તરની લડાઈમાં ફેરવાઈ ગયો છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે અફઘાન તાલિબાન સરકાર સામે ખુલ્લા યુદ્ધની જાહેરાત કરી છે. ઈસ્લામાબાદે કાબુલ અને કંદહાર સહિત મુખ્ય અફઘાન શહેરો પર હવાઈ હુમલા શરૂ કર્યા છે.અફઘાનિસ્તાન સામે પાકિસ્તાનની કાર્યવાહી બાદ, પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ૯ પર પોસ્ટ કરી, અમારી ધીરજની હદ પહોંચી ગઈ છે. હવે અમારી (પાકિસ્તાન) અને તમારી (અફઘાનિસ્તાન) વચ્ચે ખુલ્લું યુદ્ધ છે.તાલિબાન સરકારે પણ હવાઈ હુમલાઓની પુષ્ટિ કરી છે પરંતુ કહ્યું છે કે કોઈ જાનહાનિ થઈ નથી. કાબુલ, કંદહાર અને અન્ય પ્રાંતોમાં હવાઈ હુમલાઓ બાદ, કંદહાર અને હેલમંડથી પાકિસ્તાની લશ્કરી સ્થળો પર ફરીથી મોટા પાયે બદલો લેવામાં આવ્યો, તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સિન્હુઆ પર જણાવ્યું હતું.

# ભારત હવે ક્રુડ ઓઈલ અને ઈંધણ લાવવા જહાજ બનાવશે

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

ભારત ક્રુડ ઓઈલ અને ઈંધણના પરિવહન માટે વિદેશી જહાજો પર નિર્ભર રહે છે. તેના પર વર્ષે લગભગ ૬ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે, હવે મુખ્ય ઓઈલ કંપનીઓ આ ખર્ચને ઘટાડવાની તૈયારીમાં છે.

રિપોર્ટ મુજબ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા સાથે એક ખાસ જોઈન્ટ વેન્ચર બનાવવાનો મોટો નિર્ણય લીધો છે.

આ પ્રસ્તાવિત નવી કંપનીમાં ત્રણ સરકારી ઓઈલ કંપનીઓની કુલ ભાગીદારી ૩૫ ટકા રહેશે, જયારે





શિપિંગ કોર્પોરેશન આ નવી કંપનીમાં ૫૦ ટકા સાથે મુખ્ય ભાગીદારની ભૂમિકા નિભાવશે. બચેલી ૧૫ ટકા ભાગીદારી મેરી ટાઈમ ડેવલપમેન્ટ ફંડ (એનડીએફ) પાસે રહેશે.

રૂા.૧૫૦૦૦ કરોડનું રોકાણ ૫૯ નવા જહાજ: એમડીએફ સરકારની એક વિશેષ પહેલ છે, જેને સમુદ્ર ક્ષેત્રમાં નાણાકીય મદદ આપવા માટે ૨૫ હજાર કરોડ રૂપિયાના કોષ (ભંડોળ) સાથે બનાવવામાં આવ્યું છે. તેનો મુખ્ય ઉદેશ વિદેશી જહાજો પર નિર્ભરતા ખતમ કરવા અને મુલ્યવાન વિદેશી મુદ્રા સુરક્ષિત રાખવાનો છે.

શિપિંગ કોર્પોરેશનના ચેરમેન બી.કે.ત્યાગીએ જણાવ્યું હતું કે આ જોઈન્ટ વેન્ચર (સંયુક્ત સાહસ)ની ટેકનીકલ શરતો પર ઝડપથી કામ થઈ રહ્યું છે. આ મહા યોજના અંતર્ગત ૫૯ જહાજ ખરીદવામાં આવશે. તેમાં મોટા ક્રુડ કેરિયર અને ઓફશોર જહાજ સામેલ થશે. આ પુરી ખરીદી પ્રક્રિયામાં લગભગ ૧૫૦૦૦ કરોડથી ૧૭૦૦૦ કરોડ રૂપિયાના રોકાણનું અનુમાન છે.

# હિન્દ મહાસાગરમાં સર્જાયેલુ ચક્રવાત હોરાસિયો ભારતને અસર કરશે !

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય ઉપખંડમાં શિયાળાની વિદાય વચ્ચે હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હિન્દ મહાસાગરમાં સર્જાયેલું ચક્રવાત 'હોરાસિયો' ૨૬૦ કિલોમીટર પ્રતિ કલાકની પ્રચંડ ઝડપે આગળ વધી રહ્યું છે.

જોકે, આ વાવાઝોડંર ભારતીય તટ પર લેન્ડફોલ કરે તેવી શક્યતા ઓછી છે, પરંતુ તેની અસરને પગલે હવામાન વિભાગે દક્ષિણ ભારતના રાજ્યોમાં સાવચેતીના ભાગરૂપે એલર્ટ જાહેર કર્યું છે.

વાવાઝોડાની અસર અને સમુદ્રમાં ઓછા દબાણને કારણે હવામાન વિભાગે આંધ્રપ્રદેશ,



તેલંગાણા અને કેરલમમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે. જ્યારે આંદામાન અને નિકોબાર ટાપુઓ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને મેઘાલયમાં પણ વરસાદની અપેક્ષા છે.

જ્યારે દક્ષિણ ભારતમાં વરસાદી માહોલ છે, ત્યારે ઉત્તર ભારતમાં ગરમીનો પારો વધી રહ્યો છે. રાજધાનીમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૫ ડિગ્રી વધી ગયું છે. ગુરુવારે લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી નોંધાયુ હતું. હાલમાં અહીં વરસાદની કોઈ સંભાવના નથી.

પંજાબ અને હરિયાણામાં સવારના સમયે ધુમ્મસ જોવા મળશે, પરંતુ દિવસ દરમિયાન તેજ તડકો રહેશે. આગામી ત્રણ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાન ૫ ડિગ્રી સુધી વધી શકે છે.

પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાને કારણે પહાડી રાજ્યોમાં હવામાન પલટાશે. હિમાચલ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદની સંભાવના છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં વધુ એક હત્યા: જમીન દલાલની પૂર્વ આયોજિત કાવતરાથી હત્યા, સાત સામે ગુનો નોંધાયો

## જમીનના સોદા અને રૂપિયાની ઉઘરાણીના મનદુ:ખે લીધો ખૂની વળાંક, લાશ સળગાવી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં છેલ્લા સાત દિવસથી લાપતા જમીન દલાલ તાજમહંમદ કરીમભાઈ ભટ્ટીની હત્યા થયાનો સત્તાવાર ખુલાસો થયો છે. પૂર્વ આયોજિત કાવતરું રચી ફાર્મહાઉસમાં ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી લાશ સળગાવી દાટી પુરાવાનો નાશ કર્યાનો ઘટસ્ફોટ થયો છે. આ સાથે મૃતકના પુત્રની ફરિયાદને આધારે મોરબી સીટી બી-ડિવિઝન પોલીસે સાત આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની હત્યા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી, આગળની ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી છે.

મોરબી શહેરમાં જમીનના સોદા અને રૂપિયાની લેતી-દેતીના વિવાદે ખૂની સ્વરૂપ ધારણ કર્યું છે. મૃતક તાજમહંમદ કરીમભાઈ ભટ્ટી છેલ્લા અંદાજે ૧૫ વર્ષથી જમીન દલાલીનું કામ કરતા હતા. ત્યારે આ હત્યા કેસમાં તેમના પુત્ર રિયાઝભાઈ તાજમહંમદભાઈ ભટ્ટી ઉવ.૨૨ રહે.વીસીપરા રમેશ કોટન મિલની બાજુમાં મોરબી વાળાએ આરોપી ૧)બાલુભાઈ થોભણભાઈ અઘારા, ૨)જીતેશભાઈ બાલુભાઈ જાલરીયા, ૩)રમેશભાઈ અરજણભાઈ અઘારા, ૪)વિશાલ રમેશભાઈ વાઘડીયા, ૫)ભાવેશ થોભણભાઈ અઘારા, ૬)જયદિપભાઈ કાનાભાઈ સેરશીયા, ૭)થોભણભાઈ ઘેલાભાઈ અઘારા તમામ રહે.મોરબી વાળા વિરુદ્ધ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જે ફરિયાદ અનુસાર, આરોપી થોભણભાઈ ઘેલાભાઈ અઘારા સાથે જમીનના સોદા દરમિયાન દસ્તાવેજ ન થતા મનદુ:ખ ઊભું થયું હતું. તાજેતરમાં રૂપિયા ૫ લાખની લેવડદેવડને લઈને પણ વિવાદ વધ્યો હતો. ત્યારે ગત તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ બપોરના સમયે લાલબાગ સેવાસદન નજીક જમીનના સોદાના બહાને મૃતક તાજમહંમદભાઈને બોલાવવ-ામાં આવ્યા હતા. જ્યાં આરોપી બાલુભાઈ અઘારાએ તેમને પોતાની કારમાં બેસાડ્યા બાદ અન્ય સાથીદારો સાથે ભડિયાદ પાસે આવેલ ફાર્મહાઉસ પર લઈ જવાયા હતા. ત્યાં પ્લાસ્ટિકના પાઈપ, લાકડાના ધોકા અને ઢીકાપાટુનો માર મારી તેમની હત્યા કરવામાં આવી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે.

હત્યા બાદ પુરાવાનો નાશ કરવા આરોપીઓ લાશને પીપળી રોડ પર આવેલા શિવાય કોલ નામના કારખાને લઈ ગયા હતા. ત્યાં ખાડો ખોદી લાકડા અને ડીઝલથી લાશ સળગાવી, ત્યારબાદ સિમેન્ટ કોંક્રીટનું ધાબું ભરી દાટી દેવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન શંકાસ્પદની પૂછપરછથી સ્થળનો પર્દાફાશ થયો હતો, જ્યાંથી બળેલા માનવ અવશેષો મળી આવ્યા હોવાનું જાણવા મળે છે. હાલ સમગ્ર હત્યા મામલે મૃતકના પુત્રની ફરિયાદને આધારે પોલીસે ઉપરોક્ત સાતેય આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૬૧(૨), ૧૧૫(૨), ૨૩૮, ૫૪ અને ૧૩૫ હેઠળ ગુનો નોંધી તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# હવામાન પરિવર્તનની અસરો સામે લોક-આરોગ્યના રક્ષણ માટે NPCCHH અંતર્ગત ટાસ્ક ફોર્સ સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી હવામાનમાં આવી રહેલા વૈશ્વિક બદલાવ અને તેની માનવ સ્વાસ્થ્ય પર થતી અસરોને ધ્યાને રાખીને, મોરબી જીલ્લા પંચાયત સભાખંડ ખાતે ઈન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવીના અધ્યક્ષસ્થાને નેશનલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ અંતર્ગત ટાસ્ક ફોર્સ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ક્લાઈમેટ ચેન્જ સામે આરોગ્યલક્ષી પૂર્વ તૈયારીઓ અને રક્ષણાત્મક પગલાંઓ અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

લોક-આરોગ્યને સુદ્રઢ બનાવવા માટે બેઠકમાં પાંચ મુખ્ય ઉદ્દેશ્યો પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં જનજાગૃતિ માટે IEC કેમ્પેઈન, આરોગ્ય કર્મીઓનું ક્ષમતા વર્ધન, વહેલી ચેતવણી સિસ્ટમ મજબૂત કરવી, વિવિધ વિભાગો વચ્ચે આંતર-સંકલન સાધવું અને ICMR સાથે મળીને ક્લાઈમેટ સેન્સિટિવ રોગો પર દેખરેખ રાખવાનો સમાવેશ થાય છે. જીલ્લા વિકાસ અધિકારીએ વધતા તાપમાન અને પર્યાવરણીય ફેરફારોની માનવ શરીર પર પડતી અસરો અંગે ચિંતા વ્યક્ત કરી આગામી ઉનાળાને ધ્યાને રાખી હીટ વેવથી બચવા તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર ' કોર્નર' કાર્યરત રાખવા અને જરૂરિયાતમંદ વસ્તીને ORS પેકેટનું વિતરણ કરવા સૂચનાઓ આપી હતી.

આરોગ્ય સુરક્ષાના ભાગરૂપે વિવિધ રોગચાળાને નિવારવા દવાના સ્ટોકની સુનિશ્ચિતતા, પીવાના પાણીના સ્ત્રોતોમાં નિયમિત અને યોગ્ય ક્લોરિનેશન, ખોરાકની ગુણવત્તા જળવાય તે માટે ફૂડ ઈન્સ્પેક્શન ટીમની સક્રિયતા અને વાતાવરણમાં પ્રદૂષણ રોકવા ઉદ્યોગોમાં નિયમોના કડક પાલન અંગે પણ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વધુમાં મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા 'ગ્રીન અને ક્લાઈમેટ રિઝિલિયન્ટ' જીલ્લાના નિર્માણ માટે કટિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.

બેઠક દરમિયાન મોરબી GPCB દ્વારા મોરબીની હવાની ગુણવત્તા અંગે આંકડાકીય માહિતી રજૂ કરતા જણાવાયું હતું કે, ઔદ્યોગિક હબ હોવા છતાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રદૂષણ નિયંત્રણના સચોટ પગલાંને પરિણામે PM 2.5 ના સ્તરમાં નોંધપાત્ર સુધારો થયો છે અને હાલ મોરબીની હવા 'સંતોષકારક થી મધ્યમ' શ્રેણીમાં છે તેવું GPCB અને CPCBના માપદંડો દર્શાવે છે.

# જામનગરની એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ દ્વારા સંશોધન ક્ષેત્રે મહત્વપૂર્ણ સિદ્ધિ

## ૧૩૦ તબીબી શિક્ષકોને સંશોધન કાર્યમાં ગુણવત્તા લાવવા માટે અપાઈ વિશેષ તાલીમ



**મુખ્ય સમાચાર, જામનગર**

તબીબી ક્ષેત્રે સંશોધન કાર્યને વધુ સચોટ, ગુણવત્તાયુક્ત અને અસરકારક બનાવવાના ઉમદા હેતુ સાથે જામનગરની શ્રી એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ દ્વારા મેડિકલ રિસર્ચ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત રિસર્ચ મેથોડોલોજીના બેઝિક કોર્સની ચાર બેચનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ સ્ટેટ હેલ્થ સિસ્ટમ્સ રિસોર્સ સેન્ટરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ ૧૩૦ જેટલા તબીબી શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સંશોધન કૌશલ્યની તાલીમ મેળવી હતી.આ તાલીમ કાર્યક્રમનું નેતૃત્વ પી.એસ.એમ. વિભાગના એસોસિએટ પ્રોફેસર અને IRICના મેમ્બર સેક્રેટરી ડો. નરેશ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે સમગ્ર કાર્યક્રમ દરમિયાન નોડલ ઓફિસર અને ઓબ્ઝર્વર તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ કાર્યશાળામાં નિષ્ણાત રિસોર્સ પર્સન્સ તરીકે ડો. નલિની આનંદ-પ્રોફેસર અને હેડ, ગાયનેક વિભાગ, ડો. રાધા દાસ-એસોસિએટ પ્રોફેસર, ઓપ્થલમોલોજી અને ડો. સુમિત ઉનડકટ-એસોસિએટ પ્રોફેસર, પી.એસ.એમ. એ રિસર્ચ મેથોડોલોજીના વિવિધ ટેકનિકલ પાસાઓ પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.વિશેષ નોંધનીય બાબત એ છે કે, આ શૈક્ષણિક પહેલમાં જામનગરની કોલેજ ઉપરાંત GMERS મેડિકલ કોલેજ, પોરબંદરના ૯ તબીબી શિક્ષકોએ પણ ભાગ લીધો હતો, જે રાજ્યની સરકારી મેડિકલ સંસ્થાઓ વચ્ચેના મજબૂત શૈક્ષણિક સહકારનું પ્રતિક છે. આ ઉપરાંત, મેડિકલના અભ્યાસકાળથી જ સંશોધન પ્રત્યે રુચિ કેળવાય તે હેતુથી MBBSના ત્રીજા વર્ષના ૯ વિદ્યાર્થીઓને પણ આ વર્કશોપમાં સાંકળવામાં આવ્યા હતા. ગુજરાતભરમાં મેડિકલ સંશોધન સંસ્કૃતિને વેગ આપવા માટે વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા લેવાયેલું આ પગલું તબીબી શિક્ષણ જગતમાં આશીર્વાદરૂપ સાબિત થશે.

# જામનગર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીને અદ્યતન "એન્વાયરમેન્ટલ મોનિટરિંગ મોબાઈલ વ્હીકલ ફાળવાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને હવાની ગુણવત્તાની અસરકારક દેખરેખ માટે ૨ આધુનિક એન્વાયરમેન્ટલ મોનીટરીંગ મોબાઈલ વ્હીકલ EMMVની ખરીદી કરવામાં આવી છે. જેમાંથી એક વાહન જામનગર સ્થિત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીને ફાળવવામાં આવ્યું છે.પ્રાયોગિક ધોરણે આ મોબાઈલ મોનીટરીંગ વાહન દ્વારા જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિવિધ સ્થળોએ વ્યાપક હવાની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવશે. વાહનમાં આધુનિક યંત્રસામગ્રી સુસજ્જ છે, જેના માધ્યમથી પર્યાવરણ સંબંધિત વિવિધ પરિમાણોની માપણી કરી શકાશે.મોબાઈલ વાહન દ્વારા સંકલિત કરવામાં આવેલા આંકડાઓનો વિગતવાર અહેવાલ ગાંધીનગર સ્થિત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીને મોકલવામાં આવશે, જેથી રાજ્ય સ્તરે પર્યાવરણની સ્થિતિનું સતત નિરીક્ષણ અને જરૂરી કાર્યવાહી હાથ ધરવી સરળ બનશે.જામનગર અને આસપાસના વિસ્તારોમાં હવાની ગુણવત્તા અંગે સમયસર અને સચોટ માહિતી પ્રાપ્ત થવાથી પર્યાવરણ સંરક્ષણ માટે વધુ અસરકારક આયોજન શક્ય બનશે.

# મોરબીમાં મેદસ્વિતા મુક્તિ કેમ્પ ઉત્સાહભેર સંપન્ન

## નિષ્ણાતો દ્વારા યોગ અને આહારના માધ્યમથી સ્વાસ્થ્ય રક્ષાનું અપાયું માર્ગદર્શન



### યોગાભ્યાસ, એક્યુપ્રેશર ચિકિત્સા અને હેલ્ધી ડાયટ ફૂડ સ્પર્ધા દ્વારા નાગરિકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મેદસ્વિતા મુક્ત ગુજરાતના સંકલ્પને સાકાર કરવાના ઉમદા હેતુથી મોરબીમાં ભવ્ય મેદસ્વિતા મુક્તિ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મોરબીના સનાળા રોડ પર સ્થિત આદર્શ શાળા ખાતે આયોજિત આ કેમ્પમાં શહેરના અનેક જાગૃત નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કોર્ડીનેટર વાલજીભાઈ ડાભી અને જીલ્લા કોર્ડીનેટર દેવાંશ્રી પરમારના સીધા માર્ગદર્શન હેઠળ સુચારૂ રીતે સંપન્ન થયો હતો. કેમ્પ દરમિયાન યોગ-ટ્રેનર કાજલબેન આદ્રોજા અને ઈન્દિરાબેન ફળદુએ સાધકોને મેદસ્વિતા ઘટાડવા માટેના વિશેષ આસનો, પ્રાણાયામ અને શારીરિક વ્યાયામનું સઘન પ્રશિક્ષણ આપ્યું હતું. આ કાર્યક્રમના વિશેષ આકર્ષણ તરીકે હરિદ્વારથી પધારેલા સ્વામી વિજય દેવજીએ એક્યુપ્રેશર અને યોગ ચિકિત્સા પર ખાસ સત્ર લીધું હતું, જેમાં તેમણે વિવિધ રોગોમાંથી મુક્તિ મેળવવા માટેની સચોટ ચિકિત્સા પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી. સ્વાસ્થ્ય જાગૃતિના આ અભિયાનમાં લાયન્સ ક્લબ-મોરબીના સહયોગથી 'હેલ્ધી ડાયટ ફૂડ કુકિંગ' સ્પર્ધાના સુંદર આયોજન થકી પૌષ્ટિક અને સંતુલિત આહારના મહત્વ વિશે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ કેમ્પમાં આધુનિક સમયમાં બદલાતી જીવનશૈલી વચ્ચે યોગ અને યોગ્ય આહાર પદ્ધતિને જીવનનો હિસ્સો બનાવી જ મેદસ્વિતા જેવી સમસ્યાઓથી મુક્ત બનવા અનુરોધ કરાયો હતો. મોટી સંખ્યામાં હાજર રહેલા સાધકોએ ભવિષ્યમાં પણ યોગ સાથે જોડાયેલા રહેવાનો નિર્ધાર કર્યો હતો.

# મોરબીમાં શુદ્ધ પાણી માટે ક્લોરીન ડોસીંગ સિસ્ટમની શરૂઆત

## રૂ.૨.૩૫ કરોડના ખર્ચે તમામ ઝોનમાં ક્લોરીનેશન કરેલ પાણીનો પુરવઠો ઉપલબ્ધ થશે



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના વોટરવર્ક્સ વિભાગ દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવા રૂ.૨.૩૫ કરોડના ખર્ચે અદ્યતન ક્લોરીન ડોસીંગ સિસ્ટમ સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવી છે. વિવિધ ફિલ્ટર પ્લાન્ટ અને પંપિંગ સ્ટેશનો પર આ સિસ્ટમ લાગુ થતા નાગરિકોને ક્લોરીનેશન કરેલું સ્વચ્છ પાણી ઉપલબ્ધ થશે.

મોરબી શહેરના જાહેર આરોગ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપતાં મોરબી મહાનગરપાલિકાના વોટરવર્ક્સ અને ડ્રેનેજ વિભાગ દ્વારા ક્લોરીન ડોસીંગ સિસ્ટમ સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અંદાજે રૂ.૨.૩૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ ને સરકાર પાસે મંજૂરી માટે મોકલ્યા બાદ સૈદ્ધાંતિક મંજૂરી મળતાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી પ્રોજેક્ટ અમલમાં મૂકાયો છે. પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ તેમજ વિવિધ પંપિંગ સ્ટેશનો પર અદ્યતન ક્લોરીન ડોસીંગ સિસ્ટમ સફળતાપૂર્વક સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી મોરબી મહાનગરપાલિકાની હદમાં આવતાં તમામ ઝોનમાં નિયમિત અને નિયંત્રિત માત્રામાં ક્લોરીનેશન કરેલું શુદ્ધ પાણી નાગરિકોને મળશે. પરિણામે પાણીજન્ય રોગોમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અદ્યતન ક્લોરીન ડોસીંગ સિસ્ટમના લાભાન્વિત વિસ્તારોમાં દાણાપીઠ પંપિંગ સ્ટેશન હેઠળ વાઘપરા, કબીર ટેકરી, વજેપર, હરિજનવાસ, રબારીવાસ, બોરીયાવાસ, લખધીરવાસ વિસ્તાર આવરી લેવાયા છે. જ્યારે પંચાસર પંપિંગ સ્ટેશન હેઠળ પંચાસર રોડ, નાની કેનાલ રોડ, આવાસ યોજના અને હાઉસિંગ બોર્ડ વિસ્તારનો સમાવેશ થાય છે. આ સિવાય રણછોડનગર પંપિંગ સ્ટેશન દ્વારા લાઈન્સનગર, રણછોડનગર, નીધીપાર્ક, યમુનાનગર અને અમૃતપાર્ક વિસ્તાર આવરી લેવાયા છે. દરબારગઢ પંપિંગ સ્ટેશનથી દરબારગઢથી નહેરુ ગેટ વિસ્તાર સુધી પાણી પુરવઠો મળશે. આ ઉપરાંત શનાળા પંપિંગ સ્ટેશન હેઠળ અવનિ ચોકડી, શનાળા રોડ અને રવાપર કેનાલ રોડથી શનાળા બાયપાસ સુધીનો વિસ્તાર સમાવાયો છે. સરદારબાગ પંપિંગ સ્ટેશન દ્વારા સરદારબાગથી જી.આઇ.ડી.સી. સામેનો વિસ્તાર, રવાપર રોડ, કાલિકા પ્લોટ અને સહયોગ સોસાયટી સુધી પાણી પુરવઠો થશે. સુરજબાગ પંપિંગ સ્ટેશન હેઠળ માધાપર મહેન્દ્રપરા, અંબિકા રોડ અને નહેરુ ગેટ વિસ્તાર આવરી લેવાયા છે. કેસરબાગ પંપિંગ સ્ટેશન દ્વારા લાલબાગ, પાવન પાર્ક, હાઉસિંગ બોર્ડ અને સો ઓરડી વિસ્તાર લાભાન્વિત થશે. પીકનિક સેન્ટર પંપિંગ સ્ટેશનથી શોભેશ્વર રોડ, ધાર વિસ્તાર અને જીલ્લા સેવા સદન સરકારી મકાન સુધી પાણી પહોંચાડાશે. ઉમા ટાઉનશીપ અને નઝરબાગ (ભડિયાદ) વિસ્તારમાં ઉમા ટાઉનશીપ, વિદ્યુતનગર, અરુણોદય મેઈન રોડ અને સેવા સદન વિસ્તારનો સમાવેશ થાય છે.

# ફૂલડોલ ઉત્સવ નિમિત્તે દ્વારકા જતા પદયાત્રીઓની સુરક્ષા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રેડિયમ જેકેટ વિતરણનો કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

પવિત્ર ફૂલડોલ ઉત્સવ નિમિત્તે દ્વારકા જગત મંદિર ખાતે દર્શનાર્થે જતા હજારો પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાને રાખીને જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. માર્ગ અકસ્માતો નિવારવા અને શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી આર.ટી.ઓ. કચેરી, પોલીસ વિભાગ અને હોમગાર્ડ કચેરી દ્વારા સંયુક્ત રીતે રેડિયમ.રિફ્લેક્ટીવ જેકેટ વિતરણ માટેનો વિશેષ કેમ્પ યોજવામાં આવ્યો હતો.આ સુરક્ષા અભિયાનમાં જિલ્લા ટ્રાફિક જેવી સામાજિક સંસ્થાઓએ પણ ઉમદા સહયોગ પૂરો પાડ્યો હતો. રાત્રિના સમયે હાઈવે પર પસાર થતા પદયાત્રીઓ વાહનચાલકોને દૂરથી જ દેખાઈ શકે અને અકસ્માતનો ભય ટળે તે માટે બહોળા



પ્રમાણમાં રિફ્લેક્ટીવ જેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓના આ સંયુક્ત પ્રયાસને પદયાત્રીઓએ હૃદયપૂર્વક બિરદાવ્યો હતો. આ કેમ્પ દ્વારા સેંકડો શ્રદ્ધાળુઓને સુરક્ષા કવચ પૂરું પાડી તેમની યાત્રા નિર્વિઘ્ન અને મંગલમય બને તેવો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# જાંબુડા CHC સેન્ટરને રૂ.૮ લાખના ખર્ચે "ટ્રુનેટ TB મશીન" ડોનેટ કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ સશક્ત બનાવવા માટે જાંબુડા સામુહિક આરોગ્ય કેન્દ્રને આધુનિક "ટ્રુનેટ TB મશીન"નું દાન આપવામાં આવ્યું છે. આ મશીન પ્રાપ્તિથી ક્ષયરોગના નિદાનમાં ઝડપી અને ચોકસાઈભર્યું પરિણામ મેળવવ-ામાં આરોગ્ય કેન્દ્રને સહાય મળશે.આ પ્રસંગે જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ તથા કંપનીના અધિકારીઓ-પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં મશીનનું હસ્તાંતરણ કરવામાં આવ્યું હતું. ટ્રુનેટ TB મશીન દ્વારા નમૂનાઓનું ઝડપી પરીક્ષણ કરી સમયસર સારવાર શરૂ કરી શકાશે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં TB નિયંત્રણ અભિયાનને વધુ વેગ મળશે. સામાજિક જવાબદારી સમજી આરોગ્ય ક્ષેત્રે સહયોગ આપવાનો હેતુ રાખી સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જેના થકી ગ્રામ્ય વિસ્તારના લોકોને ફાયદો થશે.જિલ્લા આરોગ્ય તંત્રએ.લોકહિતકારી પ્રયાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે, આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# વાંકાનેરના માટેલ ગામ નજીક વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે એક પકડાયો, દારૂ મોકલનારની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના માટેલ ગામમાં આવ વિકાસ રેસિડેન્સી નજીમ ખુલ્લી ઓરડીઓની પાસે જાહેરમાં આરોપી જયદિપસિંહ હરીચંદ્રસિંહ ઝાલા ઉવ.૨૪ રહે.હાલ મકનસર ગોકુલનગર તા.જી.મોરબી મુળ રહે.ગામ ભોયકા તા.લીંબડી જી.સુરેન્દ્રનગર વાળાને વાંકાનેર તાલુકા પોલીસે વિદેશી દારૂની જેગુઆર વ્હિસ્કીની ૨૪ બોટલ કિ.રૂ.૨૬,૪૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. વિદેશી દારૂના કેસની તપાસમાં આ દારૂ મોકલનાર આરોપી અશોકભાઈ હિરાભાઈ ડાભી રહે.નવા ઢુવા તા.વાકાનેર જી.મોરબી વાળાનું નામ ખુલવા પામ્યું હતું, જેથી આ આરોપી સ્થળ ઉપર હાજર નહી મળી આવતા તેને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે. વાંકાનેર તાલુકા પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બોર્ડ પરીક્ષાર્થીઓને મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા શુભેચ્છા અને પ્રોત્સાહન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા મોરબીની એમ. પી. શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૨ના અંદાજે ૨૫૦ બોર્ડ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી, મોઢું મીઠું કરાવી અને પેન ભેટ આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓનો શુભ પ્રારંભ થતા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો માહોલ જોવા મળી રહ્યો છે. આ અવસરે મુસ્કાન વેલફેર સોસાયટી સંસ્થાને મોરબી સ્થિત એમ. પી. શેઠ ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ ૧૨ના અંદાજે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવાનો સન્માનજનક અવસર પ્રાપ્ત થયો હતો. સંસ્થાના સભ્યો દ્વારા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મોઢું મીઠું કરાવાયું તેમજ પેન ભેટ આપી તેમની ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી. વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ, દૃઢ નિશ્ચય અને સકારાત્મકતા સાથે પરીક્ષા આપે અને ઉત્તમ પરિણામ હાંસલ કરે તેવી શુભેચ્છા સંસ્થા તરફથી વ્યક્ત કરવામાં આવી હતી.

# નાની વાવડીમાં રૂ.૧.30 કરોડના ખર્ચે આધુનિક ઈકો-ફ્રેન્ડલી પાર્કનું વિકાસ કાર્ય પ્રગતિ હેઠળ

## હરિયાળી જાળવવા ૨૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર, જોગિંગ ટ્રેકથી લઈ સોલાર લાઇટ સુધીની સુવિધાઓ ઉપલબ્ધ થશે




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા નાની વાવડી વિસ્તારમાં અંદાજે રૂ.૧.૩૦ કરોડના ખર્ચે આધુનિક સુવિધાસભર અને પર્યાવરણમૈત્રી પાર્ક વિકસાવવામાં આવી રહ્યો છે. આ પાર્કમાં ૨૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર, જોગિંગ ટ્રેક, બાળકો માટે પ્લે એરિયા અને સોલાર સ્ટ્રીટલાઇટ્સ સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આવશે.

મોરબી શહેરના હરિત અને સુવ્યવસ્થિત વિકાસના ભાગરૂપે મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા નાની વાવડી વિસ્તારમાં આધુનિક સુવિધાઓથી સજ્જ પાર્કનું વિકાસ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. અંદાજે રૂ.૧.૩૦ કરોડના ખર્ચે અમલમાં મુકાતો આ પ્રોજેક્ટ નાગરિકોને ઉત્તમ જાહેર સુવિધાઓ પ્રદાન કરવા માટે રચાયેલ છે. આ પાર્કમાં આરામદાયક બેઠક વ્યવસ્થા, રેડ સૅન્ડ/પેવર આધારિત વોકિંગ અને જોગિંગ ટ્રેક, બાળકો માટે વિશેષ પ્લે એરિયા તથા ખુલ્લી હવામાં ધ્યાન-યોગ માટે પ્લાઝા જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવશે. સાથે સાથે પર્ગોલા, રેઈનવોટર હાર્વેસ્ટિંગ પિટ્સ, બોરવેલ અને વોટર ટૅન્ક સાથે ડ્રિપ સિંચાઈ પ્રણાલી તેમજ સોલાર પાવર આધારિત સ્ટ્રીટલાઇટ્સ પણ સ્થાપિત કરવામાં આવશે, જે ટકાઉ અને પર્યાવરણમૈત્રી વિકાસને પ્રોત્સાહન આપશે.

હરિયાળી જાળવવા માટે નીમ, ગુલમોહર, ચંપા અને સપ્તપર્ણી જેવા આશરે ૨૦૦૦થી ૨૧૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. ઉપરાંત હિબિસ્કસ, જાસુદ, ઈક્સોરા અને ડ્રાસીના જેવી ઝાડીઓ ૨ થી ૩ છોડ પ્રતિ ચોરસ મીટર ઘનતાથી રોપાશે. ગ્રાઉન્ડ કવર તરીકે રોયો અને સિટ્રોનેલા વાવવામાં આવશે, જે મચ્છર નિયંત્રણમાં પણ સહાયક બનશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ નાની વાવડી વિસ્તાર સહિત સમગ્ર મોરબી શહેરને વધુ હરિયાળું, સ્વચ્છ અને આરોગ્યપ્રદ જાહેર સ્થળ ઉપલબ્ધ થશે, તેમ ગાર્ડન શાખાના નાયબ ઈજનેરે યાદીમાં જણાવ્યું છે.

# જામનગર--લાખાબાવલ રેલ સેક્શનના દોહરીકરણનું સુરક્ષા નિરીક્ષણ સફળતાપૂર્વક સંપન્ન

## ૧૨૦ કિમી/કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ યોજાયું, ટૂંક સમયમાં ઝડપી અને સુગમ રેલ પરિવહન શરૂ થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા રેલ સુરક્ષા અને સંચાલન ક્ષમતાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરતા, રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટ હેઠળ જામનગર-લાખાબાવલ (આશરે ૧૦ કિમી) રેલખંડ વચ્ચે નવનિર્મિત અપ મેઈન લાઈન અને ડાઉન મેઈન લાઈનનું સુરક્ષા નિરીક્ષણ આજે રેલ સુરક્ષા કમિશનર ઈ. શ્રીનિવાસ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ) પ્રદીપ ગુપ્તા, રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના સહિત બાંધકામ સંગઠન અને ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરક્ષા નિરીક્ષણ દરમિયાન નવી રેલ લાઈનોની સુરક્ષા, સ્થિરતા અને ટેકનિકલ ધોરણોનું પરીક્ષણ કરવા માટે અપ અને ડાઉન બંને લાઈનો પર ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ સફળતાપૂર્વક ચલાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત મોટર ટ્રોલી દ્વારા પણ વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નવી લાઈન પર સુરક્ષિત અને વધુ ઝડપથી ટ્રેન સંચાલન સુનિશ્ચિત કરવાની દિશામાં આ પરીક્ષણ એક મહત્વપૂર્ણ તબક્કો છે.

સુરક્ષા નિરીક્ષણના સફળ સમાપન બાદ, આ સેક્શનમાં નિયમિત રેલ સેવાઓનું સંચાલન બંને લાઈનો પર ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે શરૂ થવાની શક્યતા છે. આનાથી રેલ સંચાલન વધુ સુગમ, સુરક્ષિત અને અસરકારક બનશે તથા મુસાફરોને વધુ સારી અને ઝડપી મુસાફરીની સુવિધા પ્રાપ્ત થશે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી પેસેન્જર અને માલગાડીઓના સંચાલનની લાઈન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઔદ્યોગિક, વ્યાપારી અને પ્રવાસન પ્રવૃત્તિઓને નવી ગતિ મળવાની અપેક્ષા છે.

બાંધકામ સંગઠન અને રાજકોટ ડિવિઝનની ટીમોના સમર્પિત, સમન્વિત અને અથાક પ્રયાસોથી આ મહત્વપૂર્ણ સિદ્ધિ શક્ય બની છે.

# 'ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના' હેઠળ અપાતી સહાયની રકમ રૂ. ૪ લાખ કરાઈ

## આ યોજનામાં ખેડૂતે કોઈ જ પ્રીમિયમ ભરવાનું રહેશે નહીં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ખેડૂતો અને તેમના પરિવારના સભ્યોને આકસ્મિક સંજોગોમાં આર્થિક ટેકો પૂરો પાડવા માટે 'ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના' કાર્યરત છે. વર્ષ ૨૦૨૫ના નવા સુધારા મુજબ, આ યોજના હેઠળ મળવાપાત્ર સહાયની રકમ વધારીને હવે રૂ.૪,૦૦,૦૦૦ (ચાર લાખ) કરવામાં આવી છે. આ અંગે ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે વિભાગ દ્વારા યોજનાની પાત્રતા અને જરૂરી દસ્તાવેજોની વિગતો જાહેર કરવામાં આવી છે.

**યોજનાની મુખ્ય વિગતો**

પાત્રતા : રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતો, તેમના પતિ/પત્ની અને તેમના તમામ સંતાનો (પુત્ર/પુત્રી) આ યોજનાનો લાભ લઈ શકે છે. અકસ્માતની તારીખ સુધીમાં જમીન રેકોર્ડમાં નામ હોવું અનિવાર્ય છે.

વય મર્યાદા : ૫ થી ૭૦ વર્ષ.

સહાયનું ધોરણ : અકસ્માતે મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં રૂ. ૪,૦૦,૦૦૦/

બે અંગ અથવા બે આંખ ગુમાવવાના કિસ્સામાં રૂ.૪,૦૦,૦૦૦/-

એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં રૂ. ૨,૦૦,૦૦૦/-

**અરજી પ્રક્રિયા અને જરૂરી દસ્તાવેજો**

લાભાર્થીના વારસદારે અકસ્માતના ૧૫૦ દિવસમાં નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજી ફોર્મ નિયત નમૂનામાં સંપૂર્ણ ભરેલું અરજી ફોર્મ, પોલીસ કાર્યવાહી : એફ.આઈ.આર.ની પ્રમાણિત નકલ, પોલીસ સ્ટેશન ડાયરીની નકલ અને પંચનામું (સ્થળ પંચનામું અને ઈન્કવેસ્ટ પંચનામું), તપાસ અહેવાલ ચાર્જશીટ અથવા CRPC હેઠળનો પોલીસ અહેવાલ અને SDM દ્વારા કેસ ફાઈનલ કર્યાના હુકમની નકલ, તબીબી પુરાવા પી.એમ. રિપોર્ટ, મૃત્યુનું કારણ દર્શાવતું ડોક્ટરનું પ્રમાણપત્ર અને જો જરૂરી હોય તો FSL રિપોર્ટ, સારવારના કાગળો જો અકસ્માત બાદ સારવાર લીધી હોય તો દવાના બિલ અને હોસ્પિટલના કાગળો, ઓળખ અને રહેઠાણ આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ અને ડ્રાઈવિંગ લાયસન્સ (જો વાહન અકસ્માત હોય તો), જમીનના પુરાવા મૃત્યુ પછીની તારીખના ૭/૧૨, ૮-અ અને ગામ નમૂના નં. ૬ (હક્કપત્રક)ના ઉતારા,વારસાઈ પુરાવાઃ તલાટી દ્વારા પ્રમાણિત પેઢીનામું (વારસાઈ આંબો) અને મરણનો દાખલો, વીજ અકસ્માત માટે જો વીજળીથી અકસ્માત થયો હોય તો PGVCL/વીજ કંપનીનું રોજકામ, બેંક વિગતોઃ બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક (બેંકના સહી-સિક્કાવાળું પત્રક), બાંહેધરી પત્રક નિયત નમૂના મુજબનું બાંહેધરી પત્રક

**અરજી ક્યાં કરવી?**

તમામ દસ્તાવેજો તૈયાર કરી મદદનીશ ખેતી નિયામક (વિ.)-પેટા વિભાગ જેતપુર/રાજકોટની કચેરીમાં રૂબરૂ અથવા રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા જમા કરાવવાની રહેશે.આ યોજનામાં ખેડૂતે કોઈ જ પ્રીમિયમ ભરવાનું હોતું નથી.

વધુ માહિતી માટે સંબંધિત ગામના ગ્રામ સેવક અથવા તાલુકાના વિસ્તરણ અધિકારી(ખેતી)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, રાજકોટ દ્વારા જણાવવામાં આવે છે.

# હોળી- ધુળેટી પ્રસંગે જાહેરમાં કોરા રંગ, રંગમિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ ફેંકવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી હોળી તથા ધુળેટીના તહેવારો દરમ્યાન શહેરના મુખ્ય ચોકમાં યોજાનાર હોલિકા દહન અને શહેરના વિસ્તારોમાં રંગોથી રમવાના પ્રસંગો દરમ્યાન અસામાજિક તત્વો દ્વારા સ્ત્રીઓ ઉપર રંગ છાંટવાના બનાવ અને છેડતી તથા રસ્તા ઉપર આડશ મૂકી, વાહન રોકી, વાહન ચાલકો પાસેથી બળજબરીથી પૈસા ઉઘરાવવા કે તેમના પર રંગો ફેંકવા જેવા બનાવ બનતા હોય છે.

આ બનાવોથી જાહેર સુલેહ શાંતિ જોખમાતી હોવાથી પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝાએ આગામી તા.૨ થી ૪ માર્ચ - ૨૦૨૬ સુધી રાજકોટ જિલ્લામાં કોઈ પણ ઈસમ અથવા ઈસમોએ જાહેર રસ્તાઓ પર કોરા રંગ, પાણી ભરેલા ફુગ્ગાઓ, રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, કેમિકલયુક્ત રંગો અથવા તૈલી પદાર્થો કે તૈલી વસ્તુઓ કે તેવા કોઈ પણ પ્રકારના પ્રવાહીઓ રાહદારીઓ કે વાહન ચાલકો ઉપર કે વાહનો ઉપર પણ ફેંકવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

ઉપરાંત તે માટેના સાધનો લઈ જાહેર રસ્તા ઉપર દોડવા, પોતાના હાથમાં રાખી કોઈને કે પોતાને ઈજા કે હાનિ થાય તેવી કોઈ પણ પ્રવૃત્તિ કરવા તેમજ અન્ય કોમની લાગણી દુભાય, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે તે પ્રકારનું વર્તન કરવા પર મનાઈ ફરમાવી છે. આ આદેશનેનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાપાત્ર થશે.

# માટેલ ગામે બાઈક ઉપર ૧૦૦ લીટર દેશી દારૂ સાથે બાળકિશોર સહિત બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના માટેલ ગામની સીમમાં પોલીસે પેટ્રોલિંગ દરમિયાન હિરો સ્પ્લેન્ડર બાઈક ઉપર ૧૦૦ લીટર દેશી દારૂની હેરાફેરી કરતા એક યુવક અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળકિશોરને ઝડપી પાડ્યા હતા. આ સાથે પોલીસે દારૂ અને બાઈક સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે દારૂ મંગાવનાર આરોપીનું નામ ખુલતા પોલીસે તેને ફરાર દર્શાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન માટેલ ગામની સીમમાં બ્રાવેટ કારખાના પાસે જાહેર રોડ પર શંકાસ્પદ હિરો કંપનીના સ્પ્લેન્ડર પ્લસ બાઈક રજી. નં. જીજે-૩૬-બીએ-૦૩૬૨ ઉપર સવાર આરોપી રવિભાઈ દેવશીભાઈ કુકાવા ઉવ.૨૧ રહે. વિરપર તા. વાંકાનેર તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને રોકી તેની તલાસી લેતા તેના પાસેથી ૧૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૨૦ હજાર મળી આવ્યો હતો. આ સાથે પોલીસે બાઈક કિ.રૂ.૪૦ હજાર સહિત કુલ કિ.રૂ. ૬૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પૂછપરછ દરમિયાન દેશી દારૂનો જથ્થો મંગાવનાર તરીકે લાભુભાઈ જવેરભાઈ માથાસુરીયા રહે. માટેલ રોડ વિકાસ હોટલ પાછળ તા. વાંકાનેરનું નામ ખુલ્યું હતું. જે આરોપી સ્થળ ઉપર હાજર ન મળતા તેને હાલ ફરાર દર્શાવી વાંકાનેર તાલુકા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાંઢીયા પુલની કામગીરી પ્રગતિ હેઠળ; રૂ. ૭૪.૩૨ કરોડનો નવીનીકરણ પ્રોજેક્ટ પૂર્ણ થવાની તૈયારીમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધતા વાહનવ્યવહાર અને ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજોના નિર્માણ અને નવીનીકરણના કાર્યને ગતિ આપવામાં આવી છે. આ દિશામાં જામનગર રોડ પર આવેલ હયાત ૨-લેન સાંઢીયા પુલને ડિસ્મેન્ટલ કરી તેના સ્થાને આધુનિક સુવિધાઓ સાથેનો નવો ૪-લેન ફ્લાયઓવરબ્રિજ નિર્માણ કરવાનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.



આ પ્રોજેક્ટ SJMMSVY યોજના હેઠળ રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે અમલમાં મૂકવામાં આવ્યો છે. ગઈકાલે રાત્રિના સમયે રેલ્વે પાટા ઉપર સેન્ટ્રલ સ્પાનના ૭-સ્ટીલ ગર્ડર સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યા હતા, જે પ્રોજેક્ટના મહત્વપૂર્ણ તબક્કા તરીકે ગણાય છે. હજુ આગામી બે દિવસ રાત્રના સમયે રેલ્વેના બ્લોકના સમયગાળા દરમ્યાન ક્રોસ ગર્ડર અને પ્રેસીંગ વગરેની કામગીરી કરવામાં આવશે.

શહેર વિકાસ તરફ એક મજબૂત પગલું : આ પ્રોજેક્ટ રાજકોટ શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો, સમયની બચત અને ઈંધણની બચત સાથે આ બ્રિજ શહેરના સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે. રાજકોટ મહાનગરપાલિકા શહેરના નાગરિકોને સુદ્રઢ, સુરક્ષિત અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે.

# રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ૧૧૯૩.૬૮ કરોડના અંદાજપત્રને મંજૂરી

## વિપક્ષી નેતા પ્રશ્નો પુછે તે પહેલા જ પ્રશ્નોતરી ચર્ચા બંધ કરી દેવાઇ : ગર્ભાસયના કેન્સર વિરોધી રસી નિઃશુલ્ક આપવાની જાહેરાત



તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતની વર્તમાન ટર્મની મુદત ૧૬ માર્ચે પૂર્ણ થઈ રહી છે, તે પૂર્વે આજે વર્ષની છેલ્લી અને મહત્વની ખાસ સામાન્ય સભા યોજાઇ હતી. આ બેઠક મુખ્યત્વે નવા નાણાંકીય વર્ષનું બજેટ મંજૂર કરવા માટે બોલાવવામાં આવી હતી. સામાન્ય રીતે ખાસ સભામાં પ્રશ્નોત્તરી હોતી નથી, પરંતુ સભ્યોની રજૂઆતોને ધ્યાને રાખીને શાસકોએ પ્રશ્નોત્તરીની છૂટ આપી હતી. આજે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ૧૧૯૩ કરોડના બજેટને મંજૂરી અપાઇ હતી. આ સિવાય પ્રશ્નોતરી દરમ્યાન વિપક્ષ નેતા મનસુખભાઇ સાકરીયા દ્વારા શાસક પક્ષને ઘેરવાનો પ્રયતન કરવામાં આવતા તેઓને બેસાડી દેવાયા હતા.

આજે મળેલી બેઠકમાં આ પ્રશ્નોત્તરી કાળમાં કુલ ૩૨ જેટલા પ્રશ્નો પૂછ્વામાં આવ્યા હતા, જેમાં શાસક પક્ષના વિરલ પનારાના ૫ અને કારોબારી ચેરમેન પી.જી.કીયાડાના ૮ પ્રશ્નો હતા. વિપક્ષી નેતા મનસુખ સાકરીયાએ ૧૯ ધગધગતા પ્રશ્નો રજૂ કર્યા હતા પરંતુ તેમનો વારો આવે તે પહેલા બજેટની ચર્ચા ચાલી રહી છે તેમ કહી પ્રશ્નોતરી સમાપ્ત કરી દેવામાં આવી હતી. જે અંગે મનસુખભાઇ સાકરીયાએ વિરોધ વ્યકત કરી જણાવ્યું હતું કે, લોકસાહીમાં પ્રજાના પ્રશ્નોને ઉકેલવાની જ્ગ્યાએ તેમનો અવાજ દબાવી દેવાનો કોશીષ થઇ છે.

આજે મળેલી બેઠકમાં વિપક્ષી નેતા મનસુખભાઇ સાકરીયાએ જિલ્લા પંચાયતના રૂ. ૮૪ લાખના સ્થળાંતર ખર્ચ અને સફાઈના મોટા ટેન્ડરોમાં થયેલી ગેરરીતિઓ અંગે પ્રશ્ન પુછતા પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ તેઓને કડક ભાષામાં ઠપકો આપી બેસી જવા જણાવ્યું હતું. ત્યારબાદ મનસુખભાઇએ જણાવ્યું હતુ કે, તમે મારી સામે આંખો કાઢો નહીં. સભાના અંતમાં અનેક ઠરાવો રજૂ થયા હતા. સાથે રજૂ થયેલી દરખાસ્તોને મંજૂરી અપાઇ હતી.

આ સાથે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણા રંગાણીના નિવાસસ્થાને સવારે ૯થી બપોરે ૨ વાગ્યા સુધી મહારક્તદાન કેમ્પ પણ આયોજન કરાયું હતું. જેમાં પંચાયતના સભ્યો, આગેવાનો અને અધિકારીઓ રક્તદાન કર્યુ હતું. આજની સામાન્ય સભામાં ડીડીઓ આનંદુ સુરેશ ગોવિંદ સહિતના અધિકારીઓ તેમજ જિલ્લા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### વિપક્ષી નેતાએ સિચાઇના કામ માટે રૂ.૫ લાખ કટકટાવ્યાનો પૂર્વ કારોબારી ચેરમેનનો ધગધગતો આક્ષેપ

આજે રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં શાસક અને વિપક્ષ વચ્ચે તુતુમેમે થઇ હતી. તે દરમ્યાન જિલ્લા પંચાયતના વિપક્ષી નેતા મનસુખ સાકરીયાએ પોતાના પ્રશ્નનો જવાબ માગતા પૂર્વ કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજાએ તેઓને આડેહાથ લઇ સિચાઇના કામ માટે તેઓએ રૂ.૫ લાખ રૂપિયાની માગ કરી હતી. જેમાંથી ૨.૫૦ લાખ હપ્તા પેટે તેઓએ ઉઘરાવી લીધા હોવાનો ધગધગતો આક્ષેપ કરતા સભામાં સોપો પડી ગયો હતો. જો કે આ આક્ષેપ બાદ મનસુખભાઇએ કોઇ જવાબ આપ્યો ન હતો.

### શાસક ભાજપ દ્વારા વડાપ્રધાન અને મુખ્યમંત્રીની વાહ વાહ કરાઇ

આજે સામાન્ય સભાના અંત ભાગમાં પ્રમુખ દ્વારા ઠરાવો રજૂ કરવા સમયે પ્રમુખે વારંવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની વાહ વાહ કરી હતી અને તેમના ગુણગાન ગાયા હતા.

### લોકશાહીમાં વિપક્ષનો અવાજ દબાવવાની કોશીષઃ મનસુખભાઇ સાકરીયા

આજે સામાન્ય સભામાં પોતાનો ઠરાવ તેમજ બોલવા નહીં દેવાતા મનસુખભાઇ સાકરીયાએ પત્રકાર સમક્ષ પોતાની વ્યથા રજૂ કરતા જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા લોકશાહીની હત્યા કરવામાં આવી છે. ગ્રામ્ય પ્રજાઓના પ્રશ્નોને વાચા આપવાને બદલે ફકત ફકત એક કલાકનો સમય પોતાની સરકારની વાહ વાહી કરવામાં જ વ્યર્થ કર્યો છે.

# મોરબી શહેર માટે ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વિકાસ યોજના તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા અને મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોરબી શહેરના સુવ્યવસ્થિત અને સર્વાંગી વિકાસ માટે મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. તાજેતરમાં નિયુક્ત એજન્સી સાથે બેઠક યોજી ભવિષ્યના વિકાસ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

મોરબી શહેરના સુઆયોજિત અને દીર્ઘકાલીન વિકાસને ધ્યાનમાં રાખીને મોરબી મહાનગરપાલિકા તથા મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ વિકાસ યોજનામાં શહેરના ભવિષ્યને ધ્યાનમાં રાખી માર્ગ વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ, પાણી પુરવઠો, ગટર સુવિધા, જાહેર સુવિધાઓ તેમજ રહેણાંક, વાણિજ્ય અને ઔદ્યોગિક વિસ્તારોના સુયોજિત વિકાસ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવશે. આ પ્રક્રિયા અંતર્ગત નિયુક્ત એજન્સી સાથે તા. ૨૪/૦૨/૨૦૨૬ના રોજ બેઠક યોજાઈ હતી, જેમાં શહેરના લાંબા ગાળાના વિકાસ માટે જરૂરી માળખાકીય



આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગામી તબક્કામાં શહેરના ઉદ્યોગ, વેપાર, રિયલ એસ્ટેટ, શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ એસોસિયેશનોના પ્રમુખો અને પ્રતિનિધિઓ સાથે વિશેષ પરામર્શ બેઠક યોજવામાં આવશે. આ બેઠકમાં મુસદ્દારૂપ વિકાસ યોજના અંગે સૂચનો અને અભિપ્રાયો મેળવવામાં આવશે. પ્રાપ્ત સૂચનોના આધારે ટૂંક સમયમાં મુસદ્દારૂપ વિકાસ યોજનાની કામગીરી પૂર્ણ કરી વિકાસ પરવાનગી સંબંધિત મંજૂરીઓ યોજનાને અનુરૂપ શરૂ કરવામાં આવશે, જેથી મોરબી શહેરનો સુવ્યવસ્થિત અને સુઆયોજિત વિકાસ સુનિશ્ચિત થઈ શકે.

# પુજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી દ્વારા Creative Spark 2026 ખાતે ક્રિએટિવિટી ઈન એડવર્ટાઈઝીંગ વિષય પર પ્રેરણાદાયી પ્રવચન

## અમદાવાદ એડ્વર્ટાઈઝિંગ સર્કલ એસોસિએશન અને ગુજરાત યુનિવર્સિટી સેન્ટર ફોર પ્રોફેશનલ કોર્સિસનાં સંયુક્ત ઉપક્રમે ક્રિએટિવ સ્પાર્કનું સફળ આયોજન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ક્રિએટિવિટી, સ્પષ્ટતા અને જાગૃત વિચારશક્તિનું અનોખું સંમેલન ત્યારે સર્જાયું જ્યારે પુજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીએ Creative Spark 2026 દરમિયાન શક્તિશાળી મુખ્ય ભાષણ આપ્યું.

વિદ્યાર્થીઓ, એડ્વર્ટાઈઝિંગ પ્રોફેશનલ્સ અને મીડિયા પ્રતિનિધિઓને સંબોધતા સ્વામીએ જણાવ્યું કે સર્જનાત્મકતા માત્ર કલા નથી, પરંતુ સમસ્યાઓના ઉકેલ માટેનું શિસ્તબદ્ધ અને જવાબદાર અભિગમ છે. તેમણે યુવાનોને ''આંખ, કાન અને મન ખુલ્લું રાખો'' એવી પ્રેરણા આપી અને જણાવ્યું કે જીવનમાં પડકારો સતત આવે છે, પરંતુ દરેક સમસ્યામાં તેનો ઉકેલ છુપાયેલો જ હોય છે.

તેમણે વિશ્વપ્રસિદ્ધ ટેનિસ ખેલાડી Andre Agassiની આત્મકથા Openનો ઉલ્લેખ કરી દ્રઢતા, એકાગ્રતા અને માનસિક સ્પષ્ટતાનું મહત્ત્વ સમજાવ્યું. તેમણે જણાવ્યું કે સફળતા માટે સાદગી, સ્વતંત્ર વિચારશક્તિ અને ધૈર્ય અનિવાર્ય છે.

સ્વામીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યું કે વિચારોને સરળ, સ્પષ્ટ અને હેતુપૂર્ણ રાખવા, શૈક્ષણિક જ્ઞાનને વાસ્તવિક અનુભવ સાથે જોડવા અને ઉકેલ મળ્યા સુધી અવિરત પ્રયત્ન કરતા રહેવા.

એક અસરકારક રૂપકમાં તેમણે કહ્યું : ''જો તમને પંખીઓની ચહક સાંભળવી હોય, તો પિંજરો ન ખરીદો વૃક્ષ વાવો.''

તેમણે સમજાવ્યું કે પંખીઓનો કલરવ સ્વતંત્રતા અને સર્જનાત્મકતાનું પ્રતિક છે. પિંજરામાં બંધ વિચારોથી નવીનતા શક્ય નથી; ખુલ્લું અને પોષણ આપતું પર્યાવરણ જ સચોટ ક્રિએટિવ સોલ્યુશન્સ સર્જે છે.

Creative Spark 2026 અંતર્ગત વિદ્યાર્થીઓએ ''Sports City Ahmedabad 2036 – A Vision for the Future'' અને ''Future in Our Hands – Balance of Technology, Nature & Humanity'' જેવા વિષયો હેઠળ પોતાની સર્જનાત્મકતા રજૂ કરી. વિજેતાઓને Visionary Award અને Innovator Awardથી સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે AACAના પ્રમુખ મનીષ ગાંધી એ જણાવ્યું કે AACAના ૩૫ ગૌરવસભર વર્ષ નિમિત્તે ફેસ્ટિવલ ઓફ એડવર્ટાઈઝિંગ અંતર્ગત મિડિયા એવોર્ડસ, કલા સંગમ, લીડર્સ ટોક-શો, ક્રીકેટ કાર્નિવલ, બ્લડ ડોનેશન કેમ્પ જેવા વિવિધ આયોજન કરેલ છે. ટૂંક સમયમાં AACA ૩૫ વર્ષની ક્રિએટિવ જર્ની દર્શાવતી Coffee Table Book પણ પ્રકાશિત કરશે.

કાર્યક્રમના અંતમાં સ્વામીજીએ સૌ ઉપસ્થિતોને સાથે લઈને નૈતિક, નવીન અને ઉકેલ-કેન્દ્રિત ક્રિએટિવિટી માટે પ્રતિબદ્ધતા લેવડાવી. તેમણે સંકલ્પ અપાવ્યો કે દરેક વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં ઈન્ટેગ્રિટી, પ્રોફેશનલિઝમ અને સમાજપ્રતિ જવાબદારી સાથે કાર્ય કરશે. આ પ્રેરણાદાયી સંદેશ યુવા પ્રતિભાઓ માટે નવી દિશા અને નવી ઊર્જાનું પ્રતિક બન્યું.

# હમીરપર નજીક કારખાનામાં રમતા ૨ વર્ષના બાળકનું વીજ શોકથી કરુણ મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના હસનપર સીમ વિસ્તારમાં રીફરેકટરી કારખાનામાં ૨ વર્ષના બાળકને વીજ શોક લાગતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું. બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર તાલુકાના જેતપરડા ગામે વાડી વિસ્તારમાં રહેતા ખેત શ્રમિક દીનેશભાઇ ફુલસીંગભાઇ ભુરીયા મૂળ રહે.કેલી કલા તા.ગડવાની જી.ધાર એમ.પી.ના વતનીનો પુત્ર લક્કી ઉવ.૦૨ વાળો ગઈકાલ તા.૨૬/૦૨ના રોજ વાંકાનેર તાલુકાના હસનપર સીમમાં આવેલ ફ્યુચર રીફરેકટરી કારખાનામા રમતો હોય તે દરમિયાન તેને વીજ શોક લાગતા તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. હાલ વાંકાનેર સીટી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રાજકોટના છાપરા પાસે હિટ એન્ડ રનમાં મેટોડાના યુવાનનું મોત

રાજકોટના કાલાવડ રોડ પર છાપરા ગામ પાસે હિટ એન્ડ રનના બનાવમાં ઘાયલ થયેલા ત્રણ બહેનના એકના એક ભાઈ અઢાર વર્ષના યુવાનનું મોત થતાં પરિવારમાં શોક છવાઈ ગયો છે.જાણવા મળ્યા મુજબ રાજકોટના મેટોડા જીઆઈડીસી ક્રાંતિ ગેઈટ પાસે રહેતો દિપકકુમાર મોતીલાલ (ઉ.વ.૧૮) તા. ૨૩ના બપોરે ત્રણેક વાગ્યે બાઈક ચલાવીને જતો હતો ત્યારે છાપરા ગામ પાસે અજાણ્યા વાહનનો ચાલક ઠોકરે લઈ ભાગી જતાં ગંભીર ઈજા થતાં સારવાર માટે દાખલ કરાયો હતો. સારવાર દરમિયાન મૃત્યુ થતાં મેટોડા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ત્રણ બહેનનો એકનો એક નાનો ભાઈ હતો અને કારખાનામાં કામ કરતો હતો. કારખાનેથી છુટીને ઘરે જતી વખતે આ બનાવ બન્યો હતો. તે મુળ યુપીનો વતની હતો અને અપરિણીત હતો. મેટોડા પોલીસે અકસ્માત સર્જનારા વાહન ચાલકની સામે કાર્યવાહી કરી છે.

**સ્વ. કૌશીકભાઈ ચંદ્રકાંતભાઈ વ્યાસ (કે.સી. વ્યાસ-એડવોકેટ)**

તેઓ તેજલબેન ના પતિશ્રી, પ્રણવભાઈના પિતાશ્રી તેમજ પ્રવીણભાઈ ચંદ્રકાંતભાઈ વ્યાસ (પી.સી. વ્યાસ)ના નાનાભાઈ તેમજ નયનાબેન રજનીકાંતભાઈ પંડ્યા (લંડન), આરતીબેન નિરંજનભાઈ પંડ્યા (રાજકોટ), જયશ્રીબેન દિપકભાઈ ત્રિવેદી (અમદાવાદ)ના ભાઈ અને સ્તુતીબેન પ્રણવભાઈ વ્યાસના સસરા તેમજ સ્વ. ઈન્દ્રવદનભાઈ દિનકરપ્રસાદ વ્યાસના જમાઈ (રાજકોટ) આજરોજ તા. ૨૬-૦૨-૨૦૨૬, ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૭-૦૨-૨૦૨૬, શુક્રવારના રોજ સાંજે ૦૪.૩૦૦ થી ૦૬.૦૦ કલાકે રાખેલ છે.

પ્રાથનાસભા તથા બેસણું (શ્વસુરપક્ષનું બેસણું સાથે રાખેલ છે.)
તા. ૨૭-૦૨-૨૦૨૬, શુક્રવાર
સાંજે ૦૪.૦૦ થી ૦૬.૦૦ કલાકે
**સ્થળ : રાષ્ટ્રીયશાળા, રાજકોટ.**

# મહેન્દ્રનગર ચોકડીએ ટ્રક પલટી ખાઈ કારના બોનેટ ઉપર પડ્યો

## પુરઝડપે ચલાવી અચાનક બ્રેક મારતા સર્જાયો અકસ્માત, મોટી જાનહાની સહેજમાં ટળી, ટ્રક-ચાલક સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની મહેન્દ્રનગર ચોકડી પાસે ટ્રાફિક દરમિયાન ફૂલ સ્પીડમાં પોતાનું વાહન ચલાવી, ટ્રક ચાલકે અચાનક બ્રેક મારતા ટ્રક પલટી ખાઈ પાછળ ઊભેલી કારના બોનેટ ઉપર પડ્યો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી, પરંતુ કારને ભારે નુકસાન થયું છે. બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો છે. મોરબી શહેરના સતત ટ્રાફિકથી ધમધમતા મહેન્દ્રનગર ચોકડી વિસ્તારમાં સાંજના ટ્રાફિક સમયે અકસ્માતની ઘટના સામે આવી છે. જે અકસ્માતની ઘટના અંગે કાર ચાલક ફરિયાદી નીતિનભાઈ દેવજીભાઈ રાઠોડ ઉવ.૨૯ રહે. જુની પીપળી ગામ તા.જી.મોરબી, જેઓ સરતાનપર રોડ સ્થિત મીલેનીયમ ટાઈલ્સના કારખાનામાં પ્રાઈવેટ નોકરી કરે છે, તેઓ ગત તા. ૨૫/૦૨/૨૦૨૬ના રોજ સાંજે કારખાનેથી પોતાની હ્યુન્ડાઈ ગ્રાન્ડ આઈ-૧૦ રજી. નં. જીજે-૩૬-એલ-૬૧૫૮ લઈ ઘરે જઈ રહ્યા હતા. પીપળી ગામ તરફ જતા તેઓ મહેન્દ્રનગર ચોકડી નજીક પહોંચ્યા ત્યારે એક ટાટા કંપનીનો ટ્રક રજી. નં. જીજે-૧૨-એઝેડ-૯૬૦૯ પુરઝડપે આવી તેમની કારને ઓવરટેક કરી આગળ નીકળ્યો હતો. આગળ અન્ય વાહન હોવાને કારણે ટ્રક ચાલકે અચાનક બ્રેક મારતા ટ્રક પલટી ખાઈ ગયો હતો. તે સમયે ટ્રાફિકને કારણે ફરિયાદીની કાર પાછળ ઊભી હતી, જેના ઉપર ટ્રકનો પાછળનો ભાગ આવી પડતા કારના બોનેટનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ચીબાઈ ગયો હતો. અકસમાતમાં મોટી જાનહાની ટળી હોવા છતાં કારને મોટું નુકસાન પહોંચ્યું છે. બનાવ બાદ ફરિયાદી સુરક્ષિત રીતે કારમાંથી બહાર નીકળી ગયા હતા. ત્યારે અકસ્માતના આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબી જીલ્લાના ટંકારા તાલુકાના ગામ વિરવાવની કિંમતી જમીનમાં

# નાયબ કલેકટરે કરેલ હુકમ સામે થયેલ રીવીઝન અરજી નામંજુર કરતા મોરબી કલેકટર


એડવોકેટ : ભાવેશ રંગાણી


એડવોકેટ : ઈશાન ભટ્ટ


એડવોકેટ : વિશાલ જીનોયા

## આ કામે સામાવાળાના એડવોકેટ તરીકે ભાવેશ રંગાણી, વિશાલ ગીણોયા તથા ઈશાન ભટ્ટ રોકાયેલ હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી જીલ્લાના ટંકારા તાલુકાના વિરવાવ ગામના રેવન્યુ સર્વે નં.-૨૩૭/પૈકી ૨ ની જમીન હેકટર ૨૪-૫૩-૯૮ ચો.મી. જમીને પરેશભાઈ દેવજીભાઈ પટેલ વિગેરેના નામે ખાતા નં.-૧૦૦૨ થી આવેલ છે.જે જમીન તેઓએ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ છે. તથા વિરવાવ ગામના રેવન્યુ સર્વે નં.-૨૩૭/પૈકી ૨ પૈકી ૧ ની જમીન હેકટર ૦-૯૯-૧૫ ચો.મી. જમીન હેંમતભાઈ મોહનભાઈ પટેલના નામે ખાતા નં.-૬૪૭ થી આવેલ છે. જે જમીન તેઓએ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ છે. ત્યારથી તેમની માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે.

પરંતુ આ કામે મુળ વેચાણ આપનારના કહેવાતા વારસદારો તરીકે દર્શાવી (૧) જાડેજા હંસાબા વા./ઓ. જયેન્દ્રસિંહ મનુભા (૨)જાડેજા ગાયત્રીબા ડો./ઓ.જયેન્દ્રસિંહ મનુભાએ સર્વે નં.-૨૩૭ ની જમીન જયારે મુળ ખાતા નં.-૨૩૭ થી ચાલતી હતી ત્યારે તે જમીનના હકકપત્રક નં.-૬ માં વારસાઈ નોંધ નં.-૩૭૪૬, તા.૨૬/૧૦/૨૦૦૬ ના રોજ દાખલ થઈ પ્રમાણીત કરવામાં આવેલ હતી જે નોંધને આશરે ૧૯ વર્ષ જેટલો સમય પસાર થઈ ગયેલ હોવા છ્તા કાયદાનો ગેરલાભ લેવા અને રૂપિયા પડાવવાના આશયથી આ કામના અરજદારોએ નાયબ કલેકટર સમક્ષ આર.ટી.એસ. -ડી/મરબ/૮૯/૨૦૨૪ થી અપીલ દાખલ કરી આ વારસાઈ નોંધ ચેલેન્ઝ કરેલ હોય અને વારસદાર તરીકે તેમનો હકક હોય તેવી ખોટી અને બનાવટી તેમજ ઉપજાવી કાઢેલી કાયદા વિરૂધ્ધની રજુઆત કરેલ હતી પરંતુ આ કામે નાયબ કલેકટરએ ઉપરોકત અરજદારોની અપીલ અરજી સમય -મર્યાદાના સ્ટેજ નામંજુર કરી આપેલ હતી અને આ કામના સામાવાળા પરેશભાઈ દેવજીભાઈ પટેલ વિગેરેએ દસ્તાવેજથી ખરીદ કરેલ જમીન અંગેની તેની દલીલ, રજુઆત અને પુરાવા માન્ય રાખેલ અને તેમની તરફેલમાં હુકમ કરેલ હતો.

પરંતુ આ કામે અરજદારોની પોતાના વારસાઈ હકક અંગે હકકપત્રકમાં દાખલ થયેલ નોંધ સામેની અપીલ અરજી નામંજુર થતા તેઓએ મોરબીના મહેરબાન કલેકટરની કોર્ટમાં રીવીઝન અરજી નં.-આરઆરટી/રીવીઝન/મરબ/૩૯/૨૦૨૫ થી દાખલ કરેલ જેમાં અરજદાર ધ્વારા ડીલે અંગે નાયબ કલેકટર તરફથી કરવામાં આવેલ હુકમ રદ કરી આ મેટર મીરીટ ઉપર સાંભળવામાં આવે અને કેશ રીમાન્ડ કરવામાં તેવી કલેકટર સમક્ષ રીવીઝનમાં દાદ માંગવામાં આવેલ હોય જે ઉપરોકત કામે કેશમાં સામાવાળાઓના વકીલ ધ્વારા કાયદાકીય રીતે અનેડીલેકોન્ડોનેશન કરવા સામે કાયદાકીય તેમજ અન્ય કોર્ટના ચુકાદાઓના આધારે ધારદાર દલીલ તથા રજુઆત કરેલ હોય જે કલેકટર ધ્વારા સામાવાળાની દલીલ તથા રજુઆત મંજુર રાખી અરજદારની રીવીઝન અરજી નામંજુર કરી નાયબ કલેકટર રાજકોટ, પ્રાંત-૨ નો ચુકાદો કાયમ રાખી અરજદારોનો આ જમીન ખોટી રીતે પચાવી પાડવાનો કારસો નિષ્ફળ કરેલ છે અને વધુ એક કાયદાકીય ઝટકો આપેલ હતો.

આ કામે સામાવાળાના એડવોકેટ તરીકે ભાવેશ રંગાણી, વિશાલ ગીણોયા તથા ઈશાન ભટ્ટ રોકાયેલ હતા.

# ગુલાબનગરમાં દુકાન સામેથી બાઈક હટાવવા પ્રશ્ને દુકાનદાર પર ખુની હુમલો



## બરકતીનગરમાં રહેતો યુવાન અને તેનો મીત્ર ચિકન શોપ પાસે હતા ત્યારે ચાર શખ્સો છરી અને ધોકા વડે તુટી પડયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કોઠારીયા સોલવંટ નજીક આવેલ ગુલાબનગરમાં ચિકન શોપ ચલાવતા દુકાનદારે દુકાનસામેથી બાઇક હટાવવાનું કહેતા ચાર શખ્સોએ બે યુવાન પર છરી અને ધોકા વડે હુમલો કરી હત્યા કરવાની કોશીષ કરી નાસી જતા આજીડેમ પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બરકતીનગર શેરી નં.૧૧માં બાલાજી એપાર્ટમેન્ટવાળી શેરીમાં રહેતો ફેઝાન ઇશ્માઇલભાઇ અનસારી (ઉ.વ.૧૯) નામના વેપારીએ આજીડેમ પોલીસમાં સામાવાળા રાહુલ, ઈમરાન, મહેશ, હરેશ સહિત ચાર શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે રાત્રીના ૮:૩૦ વાગ્યે તેના ભાઇના મીત્ર સાથે ગુલાબનગર શેરી નં.૨ કોઠારીયા સોલવંટ પાછળ આવેલી પોતાની કે.જી.એન ચિકન શોપ પર હતા ત્યારે રાહુલ બાઇક લઇ ત્યાં આવ્યો હોય ત્યારે તેના ભાઇના મીત્ર આસીફે તે બાઇક મોડુ પરત કરેલ હોય તેનો ખાર રાખી રાહુલ સહિત ચાર શખ્સો ગેરકાયદે મંડળી બનાવી દુકાન પર આવી સાહેદોને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી દુકાનદારના ભાઇ પર ધોકા અને છરી વડે હુમલો કરી માથામાં ગંભીર ઇજા કરી યુવાનનું મોત નિપજાવવાનું કોશીષ કરી ચારેય શખ્સો નાસી ગયા હતા. બનાવ બાદ ગંભીર હાલતમાં ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ આજીડેમ પોલીસમાં કરવામાં આવતા પીઆઇ એ.બી.જાડેજા, રાયટર મેરૂભા સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જઇ દુકાનદારની ફરીયાદ નોંધી હુમલાખોરોની શોધખોળ શરૂ કરી છે.

# થાનગઢ દલિત હત્યાકાંડ મુદ્દે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના સરકાર પર આકરા પ્રહાર

## ૧૩ વર્ષ પછી પણ રિપોર્ટ વિચારણા હેઠળ ! : થાનગઢ હત્યાકાંડમાં કયા અધિકારીઓનો દોષ હતો અને તેમની સામે શું પગલાં લેવા જોઈએ તે અંગેની ભલામણો અહેવાલમાં હોવા છતાં, હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં વર્ષ ૨૦૧૨માં થયેલા દલિત યુવાનોના હત્યાકાંડનો મુદ્દો ફરી ગરમાયો છે. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ (૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬) ગાંધીનગર ખાતે મીડિયા સમક્ષ સરકારની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવતા આકરા પ્રહારો કર્યા હતા. વર્ષ ૨૦૧૨માં થાનગઢ ખાતે પોલીસ ફાયરિંગમાં દલિત સમાજના નિર્દોષ યુવાનોના કરૂણ મોત નિપજ્યા હતા. આ ઘટનાની તપાસ માટે રાજ્ય સરકાર દ્વારા એક ખાસ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી.



આ સમિતિએ પોતાનો તપાસ અહેવાલ ૧ મે ૨૦૧૩ ના રોજ સરકારને સુપરત કર્યો હતો. જોકે, ગોપાલ ઈટાલિયાએ વિધાનસભામાં આ અહેવાલ પર લેવાયેલા પગલાં અંગે પ્રશ્ન પૂછ્તા, ગૃહમંત્રીએ લેખિતમાં જણાવ્યું હતું કે, ''સદરહુ તપાસ અહેવાલ સરકારની વિચારણા હેઠળ છે.'' સરકારની આ મંથર ગતિ પર કટાક્ષ કરતા ઈટાલિયાએ કહ્યું કે, ''૨૦૧૩ થી લઈને ૨૦૨૬ સુધી એટલે કે છેલ્લા ૧૩ વર્ષથી સરકાર માત્ર વિચારણા જ કરી રહી છે. અત્યારે અઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) નો જમાનો છે, જ્યાં ૩ સેકન્ડમાં કરોડોનો હિસાબ થઈ જાય છે, ત્યાં સરકારને એક અહેવાલ પર નિર્ણય લેતા વર્ષો નીકળી જાય છે.'' થાનગઢ હત્યાકાંડમાં કયા અધિકારીઓનો દોષ હતો અને તેમની સામે શું પગલાં લેવા જોઈએ તે અંગેની ભલામણો અહેવાલમાં હોવા છતાં, હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. દલિત સમાજ છેલ્લા ૧૩-૧૪ વર્ષથી ન્યાય માટે આજીજી કરી રહ્યો છે, પરંતુ ન્યાયની બાબતમાં સરકારની ધીમી ગતિને કારણે ન્યાય મળશે તેવી આશા રાખી રહ્યા છે

# રાજકોટ શહેર પોલીસે પકડેલા રૂ.૧.૫૬ કરોડના વિદેશી દારૂનો નાશ કરાયો

## કોર્ટે કરેલા મુદ્દામાલના નિકાલના હુકમના પગલે સમિતિની અધ્યક્ષતામાં સોખડા અને નાકરાવાડી વચ્ચે સરકારી ખરાબાની જગ્યા પર ૪૨૮૨૬ વિદેશી દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી દેવાયું


તસવીર : ગૌરવ લશ્કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીના ગુજરાતમાં આમ તો દારૂબંધી છે પરંતુ આ દારૂબંધી માત્ર કાગળ પર જ હોય તેમ છાશવારે રાજકોટ શહેર અને જીલ્લામાં લાખો-કરોડોનો દારૂ ઝડપાઇ રહ્યો છે. ત્યારે આવા પોલીસે પકડેલા વિદેશી દારૂના મુદ્દામાલનો કોર્ટના આદેશથી સમિતિની અધ્યક્ષતામાં આજે સોખડા અને નાકરાવાડી પાસે રૂ.૧.૫૬ કરોડના વિદેશી દારૂ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુજરાતના ગૃહ વિભાગના ઠરાવ મુજબ રાજકોટ શહેર વિસ્તારમાં ગેરકાયદેસર રીતે આયાત થયેલ અને પકડાયેલ માહે ૧૦/૨૦૨૫ થી ૧/૨૦૨૬ના વર્ષનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ કે જે કોર્ટમાંથી આવા મુદ્દામાલનો નિકાલ/નાસ સંબંધી હુકમ કરેલ છે. તેવા ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થાનો નિકાલ કરવા માટે શહેર વિસ્તાર માટેની સમિતિની રચના કરવામાં આવી છે. જે સમિતિ રૂબરૂબમાં સમિતિના અધ્યક્ષ, સભ્યો તથા સભ્યસચિવ દ્વારા આજે સવારે સાત હનુમાનથી આગળ સોખડા ગામ અને નાકરાવાડી ગામ વચ્ચે આવેલ સરકારી ખરાબામાં પોલીસે પકડેલા વિદેશી દારૂનો નાસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરીમાં શહેર પોલીસની ડીસીપી ઝોન-૧ એલસીબીની ટીમે કરેલા ૬૮ કેસમાં ઝડપાયેલો ૧૦૦૦૫ બોટલ કિંમત રૂ.૩૨.૩૯ લાખ, ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે કરેલા ૧૨૬ કેસમાં ૫૨૧૨ બોટલ કિંમત રૂ.૧૬.૯૩ લાખ તથા ક્રાઇમ બ્રાન્ચની ટીમે કરેલા ૪૪ કેસમાં ૨૭૬૦૯ બોટલ કિંમત રૂ.૧.૦૭ કરોડ સહિત કુલ કેસ ૨૩૮માં ઝડપાયેલ ૪૨૮૨૬ બોટલ કિંમત રૂ.૧.૫૬ કરોડના વિદેશી દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

# યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી શખ્સે આચર્યુ દુષ્કર્મ


## જન ઔષધિ કેન્દ્રમાં દવા લેવા જતા શખ્સ સામે પરીચય થયો હતો પરણીત હોવાનુ છુપાવી નાસી જનાર શખ્સ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફુટ રોડ નજીક જન ઔષધિ કેન્દ્ર માં દવા લેવા જતી વેળાએ પરીચયમાં આવેલા શખસે દવા લેવા આવતી યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અલગ અલગ હોટલ તેમજ તેની ઓરડીએ અવાર નવાર લઈ જઈ મરજી વિરુધ્ધ દુષ્કર્મ આચર્યા બાદ ફોન બંધ કરી નાસી જતા યુવતીએ તપાસ કરતા શખસ પરણીત હોવાનુ બહાર આવ્યાની ફરીયાદ કરતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

શહેરમાં એક વિસ્તારમાં રહેતી યુવતીએ યુનિવર્સિટી પોલીસ મથકમાં મૂળ જૂનાગઢના નગીચાણાના વતની અને હાલ રાજકોટ ભાડે મકાનમાં રહતા આરોપી મિલન રામભાઈ પિઠીયા સામે ફરિયાદ છે જેમા તેને જણાવ્યુ હતુ કે,આશરે દોઢ-બે વર્ષ પહેલા નાણાવટી ચોક પાસે આવેલા જન ઔષધિ કેન્દ્રમાં દવા લેવા જતી વખતે સંચાલક મિલન પિઠીયા સાથે તેનો પરિચય થયો હતો. મિલને ત્યાર બાદ યુવતી સમક્ષ પ્રેમનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમજ મિલને 'અમારા ગામમાં પ્રેમ લગ્નની છૂટ છે' તેમ કહી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાર આરોપી મિલન યુવતીને કાલાવડ રોડ પર આવેલી હોટલ નોવા સાઈન તેમજ પરશુરામ ચોકડી પાસે આવેલ લાઈટ હાઉસના ભાડાના મકાનમાં અવારનવાર લઈ જતો હતો. ''આપણે ટૂંક સમયમાં લગ્ન કરવાના જ છીએ'' તેમ કહી યુવતીની મરજી વિરુદ્ધ અને લાલચ આપીને અનેક વખત શારીરિક સંબંધો બાંધ્યા હતા. જોકે છેલ્લા કેટલાક સમયથી મિલને યુવતીનો ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. ગત ડિસેમ્બર ૨૦૨૫માં જ્યારે યુવતી તેના ભાડાના મકાને પહોંચી ત્યારે ત્યાં અન્ય સ્ત્રીની હાજરી જોઈ તેને શંકા ગઈ હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે મિલન તેની દુકાને પણ આવતો નહોતો. અંતે યુવતીએ મિલનના વતન નગીચાણા (તા. માંગરોળ, જી. જૂનાગઢ) જઈ તપાસ કરી, જ્યાં ગામના સરપંચ દ્વારા જાણવા મળ્યું કે મિલન રામભાઈ પિઠીયા અગાઉથી જ પરણીત હોવાનુ બહાર આવતા પોલીસમાં ફરીયાદ કરી હતી.

# ચામુંડા સોસાયટીમાં બીમારીથી કંટાળીને પ્રૌઢે જીવન ટૂંકાવ્યુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર ચામુંડા સોસાયટીમાં રહેતા ૬૧ વર્ષીય પ્રૌઢે ખરજવાની બીમારીથી કંટાળીને ઘરે ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ, કુવાડવા રોડ પર આવેલી ચામુંડા સોસાયટીમાં રહેતા કેશુભાઈ પુંજાભાઈ ચૌહાણ (ઉ.વ. ૬૧) એ સવારે અગિયાર વાગ્યાના અરસામાં પોતાના ઘરે લાકડાની આડી સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. બનાવ સમયે પરિવારના અન્ય સભ્યો બહાર ગયા હતા. આ દરમિયાન તેમનો ૮ વર્ષનો પૌત્ર રમતા-રમતા ઘરે આવતા તેણે દાદાને લટકતી હાલતમાં જોયા હતા. માસૂમ બાળકે દેકારો મચાવતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ ૧૦૮ને કરવામાં આવતા પેરામેડિકલ સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી કેશુભાઈને મૃત જાહેર કર્યા હતા. કુવાડવા રોડ પોલીસ મથકના પીએસઆઈ ડી.બી. ગાધે સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જોઈ મૃતદેહને પીએમ અર્થે ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક કેશુભાઈને ખરજવાની બીમારી હોય જેથી કાંટાળીને તેઓએ આ પગલું ભર્યુ હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટના વેપારીના નામે ફેક આઈડી બનાવી રૂ.૨૫ લાખની છેતરપિંડી

## વોટ્સએપમાં કંપનીના ડાયરેકટરનો ફોટો મુકી શિકાર બનાવ્યાઃ સાયબર ક્રાઈમ પોલીસમાં અજાણ્યા શખ્સો સામે ગુનો નોધાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી 'સોક મિનિમલ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીના ડાયરેક્ટર સાવનભાઈ જયંતિલાલ ઉછડીયાના નામે ખોટું વોટ્સએપ એકાઉન્ટ બનાવી, તેમના જ એકાઉન્ટન્ટ સાથે ૨૫ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગેની પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ગત ૧ ફેબ્રુઆરીના રોજ એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી કંપનીના એકાઉન્ટન્ટ હર્ષભાઈ જાદવને મેસેજ આવ્યો હતો. જેમાં અજાણ્યા શખસે ડાયરેક્ટર સાવનભાઈનું નામે ''આ મારો નવો નંબર છે'' તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો. બીજા દિવસે સવારે ઠગે પોતે મીટિંગમાં વ્યસ્ત હોવાનું નાટક કરી, કંપનીના બેંક બેલેન્સની વિગતો મગાવી હતી. ત્યારબાદ ''તાત્કાલિક પ્રોજેક્ટ માટે ૨૫ લાખની એડવાન્સ ચુકવણી કરવાની છે'' તેમ કહી ભુવનેશ્વરની ઈન્ડસઈન્ડ બેંકના 'સેરાલિસ મલ્ટીટ્રેડિંગ (ઓપીસી) પ્રાઈવેટ લિમિટેડ' નામના ખાતાની વિગતો મોકલી હતી. પોતાના સાહેબનો જ મેસેજ છે તેમ માની એકાઉન્ટન્ટે કંપનીના એચડીએફસી બેંક ખાતામાંથી પહેલાં આઈસીઆઈસીઆઈ બેંક ખાતામાં અને ત્યારબાદ ત્યાંથી ઈન્ડસઈન્ડ બેંકના ખાતામાં કુલ ૨૫,૦૦,૦૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા. થોડીવાર બાદ જ્યારે સાવનભાઈ સાથે વાત થઈ ત્યારે જાણવા મળ્યું કે તેમણે આવો કોઈ મેસેજ કર્યો જ નથી. પોતાની સાથે સાયબર ફ્રોડ થયું હોવાની જાણ થતા તેને તુરંત સાયબર પોલીસને જાણ કરી હતી જેની જાણ થતા રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં ધુળેટી પર્વ પર જાહેરમાં કલર ઉડાડવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધુળેટી પર્વ પર જાહેરમાં કલર ઉડાડવા પર પ્રતિબંધ મુકતું જાહેરનામું પોલીસ કમિશ્નર દ્વારા બહાર પડાયું છે. પૈસા (ગોઠ) પણ ઉઘરાવી નહીં શકાય તેમજ પાણી ભરેલા, રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો જો રાહદારી પર ફેંક્યા તો ગુનો નોંધાશે. આગામી તા.૦૨,૦૩ ના રોજ હોળી તથા તા.૦૪ ના રોજ ધુળેટી પર્વની ઉજવણી થનાર છે.



આ ધાર્મિક તેમજ સામાજીક પર્વની ઉજવણી શહેરના જુદા-જુદા મહોલ્લાઓ, સાર્વજનીક જગ્યાઓ, ધાર્મિક જગ્યાઓમાં થતી હોય છે. ઉત્સવમાં પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ, જાહેર જગ્યાઓએ જતાં આવતાં રાહદારીઓ ઉપર તથા એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકતાં હોય છે જેને લીધે જા રસ્તાઓ, શેરીઓ, ગલીઓમાં ચાલતા જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની તેમજ જાહેર સલામતી જોખમાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

જેથી શહેરની વર્તમાન પરીસ્થિતિને લક્ષમાં લઈ સામાન્ય સંજોગોમાં હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. આ હોળી પર્વની ઉજવણી શાંતી અને કોમી એખલાશ ભર્યા વાતાવરણમાં થાય અને જાહેર સલામતી તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું બહાર પડાયું છે. જેમાં હોળી તેમજ ધુળેટીના તહેવાર દરમ્યાન કોઈપણ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકોએ જાહેર રસ્તાઓ, જગ્યાઓ ઉપર આવતાં જતાં રાહદારીઓ ઉપર અથવા મિલ્કતો, વાહનો ઉપર અથવા વાહનોમાં જતાં માણસો ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો કે તૈલી વસ્તુઓ ફેંકવા નહી અને તે માટેના સાધનો પોતાની સાથે લઈ જાહેર જગ્યાઓ પર નિકળવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

હોળી ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા પર તેમજ બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર આવતાં જતાં રાહદારીઓને તથા વાહનોને રોકવા પર પ્રતિબંધ કરાયો છે. જાહેર રસ્તાઓ ઉપર આમ તેમ દોડવું નહી કે અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનુ વર્તન કરવા પર તેમજ જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ, અકસ્માત થાય તે રીતે રાખવા પર પ્રતિબંધ મુકાયો છે.

## પાણી ભરેલા, રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, રાહદારી પર ફેંક્યા તો ગુનો નોંધાશેઃ કમિશ્નર

# ગોંડલ કોર્ટની મુદત દરમિયાન પોલીસ જાપ્તા માંથી ભાગી છૂટેલ કેદી પુનાથી પકડાયો

## રૂરલ ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી લીધોઃ આરોપીની છેતરપીંડીના અનેક ગુનાઓમાં સંડોવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રલના અનેક શહેરોના નાગરીકો સાથે કરોડોની છેતરપીંડી કરનાર અને પોલીસ જાપ્તા, માંથી ભાગી છૂટેલ મંડળીના સંચાલકને પુનામાંથી રૂરલ ક્રાઇમ બ્રાંચે ઝડપી લીધો હતો.



આ અંગેની મળતી વિગતો મુજબ ગત તા.૦૭/૦૨ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલના પાકા કેદી નં.૫૧૭૨૦ પ્રદિપભાઈ ખોડાભાઈ ડાવેરાની ગોંડલ એડી.ચીક.જયુડી મેજી.ની કોર્ટના ફોજદારી કેસમાં નેગોશીયેબલના કેસના કામે મુદત હોય જેથી મજકુર કેદીને ગોંડલ કોર્ટમા મુદતે લઈ જવા હથીયારી ગાર્ડ સાથે રાજકોટ ગ્રામ્ય મવડી પોલીસ હેડ કવાટર્સથી હથીયારી ગાર્ડ ફાળવેલ હતી જે મુદત પુરી થયા બાદ મુદતેથી પરત ફરતા સમયે રસ્તામાં ભરુડી ટોલનાકા પાસે આવેલ રામાધણી હોટલ ખાતે જમવા રોકાયેલ તે વખતે કેદી પ્રદીપ ડાવેરાને તેનો ભાઈ સંદીપ ત્યા મળેલ અને તે દરમ્યાન ત્યા હાજર નંબર પ્લેટ વગરની સ્વીફટ કારમાં મજકુર કેદી પ્રદીપ ડાવેરા બેસી જતા તે કારનો ચાલક સ્વીફટ કારમાં મજકુર કેદી પ્રદિપ ડાવેરાને ભગાડીને જતો રહેલ જે અંગે આર.આર.સોલંકી પોલીસ સબ ઈન્સપેકટર ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન સરકાર તરફે ફરીયાદ પરથી આરોપીઓ વિરૂધ્ધ ગોંડલ તાલુકા પો.સ્ટે.માં ગુન્હો નોંધાયો હતો. એલ.સી.બી પોલીસ ઈન્સ. વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી પોલીસ સબ ઈન્સ.એચ.સી.ગોહિલ, કે.એમ. ચાવડા તથા આર.વી.ભીમાણી તથા પેરોલ ફર્લો સ્કોડના પો.સબ.ઈન્સ. પી.એન.ભરવાડની રાહબરી હેઠળ એલ.સી.બી. શાખાના સ્ટાફના માણસો દ્વારા અલગ અલગ ટીમો બનાવી ટેકનિકલ તથા હ્યુમન સોર્સીસની મદદથી આરોપી પ્રદીપ ડાવેરાને પુનાથી ઝડપી લઇ ગોંડલ તાલુકા પોલીસને હવાલે કરાયો હતો.

કેદી જાપ્તામાંથી ફરાર થયેલ આરોપી પ્રદિપ ખોડાભાઈ ડાવેરા રે. ગ્રીનલેન્ડ ચોકડી મણીનગર શેરી નં.૬ હાલ પાલ ગામ તા.સુરત સામે રાજકોટ શહેરમાં સને-૨૦૧૭ થી આશીષ ક્રેડીટ કો.ઓપરેટીવ તથા સમય ટ્રેડીંગ નામથી સહકારી મંડળી ચલાવતો હોય અને આ મંડળીમાં રોકાણ કરવા અને તે રોકાણ ઉપર મસ મોટું વળતર આપવાની લાલચ આપી સામાન્ય નાગરીકોને લલચાવી નાગરીકો દ્વારા મંડળીમાં કરવામાં આવેલ કરોડોની રકમ મજકુર પુર્વ આયોજીત કાવતરૂ રચી ઓળવી જઈ રાજકોટ શહેર તથા જુનાગઢ તથા ગોંડલ તથા ઓખા તથા વાંકાનેર વિસ્તારના રોકાણકારો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ હતો.